RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 180, Dt.14-10-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# નોટરીનાં સોગંદનામાના આધારે લગ્ન કે છુટાછેડા માન્ય નહીં રહે

## સરકારનો નવો પરિપત્રઃ નોટરી લગ્ન કે છુટાછેડાની એફીડેવીટ ન કરી શકેઃ આવા સોગંદનામા કરનારા સામે કાર્યવાહીની ચીમકીઃ નોટરી કાયદા ૧૯૫૨ કે નોટરી નિયમ ૧૯૫૬ હેઠળ નોટરી લગ્ન કે છુટાછેડાને પ્રમાણીત કરવાનાં અધિકારો ધરાવતા નથી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

નોટરી મારફત સોગંદનામા કરારનાં આધારે થયેલા લગ્ન કે છુટાછેડા માન્ય નહી ગણાય અને તે ગેરકાયદે રહેશે તેવો પરિપત્ર સરકાર દ્વારા ઈસ્યુ કરવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકારનાં કાયદા વિભાગનાં પરિપત્રમાં એમ કહેવામાં આવ્યું છે કે સોગંદનામામાં કરારના આધારે લગ્ન કે છુટાછેડા કરાવવા નોટરીને કોઈ અધિકાર નથી. રાજયમાં નોટરી મારફતનાં કરાર થકી છુટાછેડા લઈ લેતા હોવાનું વ્યાપક ચલણ છે. પરિપત્રમાં એવી પણ ચીમકી આપવામાં આવી છે કે આ પ્રકારના કરાર કરનારા નોટરી સામે પણ પગલા-કાર્યવાહી કરવામાં આવશે.

કાયદા મંત્રાલયનાં નાયબ સચીવ રાજીવકુમારની સહીથી ઈસ્યુ થયેલા પરિપત્રમાં એમ જણાવવામાં આવ્યું છે કે નોટરી કાયદાની કલમ ૮ તથા નોટરી કાયદા ૧૯૫૬ ના નિયમ ૧૧ ના પેટા નિયમ ૮ માં લગ્ન કે છુટાછેડા કરાવવાનું નોટરીનાં અધિકાર ક્ષેત્ર કે કાર્યવાહીમાં આવતુ ન હોવાનું સ્પષ્ટ સુચવાયું છે.



આ કાયદાકીય નિયમો અંતર્ગત નોટરી લગ્ન કે છુટાછેડાનાં સોગંદનામામાં નોટરાઈઝડ કરી શકતા નથી. નોટરી કાયદા ૧૯૫૨ કે નોટરી નિયમ ૧૯૫૬ હેઠળ નોટરી લગ્ન કે છુટાછેડાને પ્રમાણીત કરવાનાં અધિકારો ધરાવતા નથી. તેઓને લગ્ન અધિકારી તરીકેની નિયુકિત નથી.

ગુજરાત સહીત દેશભરમાં પરસ્પરની સહમતીથી નોટરી પાસે સોગંદનામું કરીને લગ્ન કે છુટાછેડા કરાવી લેતા હોય છે. સંબંધીત સતામંડળ સમક્ષ કાયદાકીય રીતે જરૂરી કાર્યવાહી પણ કરવામાં આવતી નથી અનેક કિસ્સાઓમાં વિવાદ વખતે સોગંદનામા અમાન્ય રહે છે અને તેને કારણે ભરણપોષણ સંતાનોની કસ્ટડી જેવા મુદાઓ પર અદાલતી કેસ થયા છે. અદાલતમાં પણ એફીડેવીટ આધારીત છુટાછેડાને માન્ય ગણવામાં આવતા નથી.

પરિપત્રમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે નોટરી નિયમો ૧૯૫૬ ના નિયમ ૧૩ નું સંબંધીત નોટરીઓએ પાલન કરવુ ફરજીયાત છે.અન્યથા નોટરી કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ ડી તથા નોટરી નિયમ ૧૯૫૬ ના નિયમ ૧૩ ના પેટા નિયમ ૧૨ ૯બી) હેઠળ પગલા કાર્યવાહી થઈ શકે છે.

આ પરિપત્ર વિશે ગુજરાત નોટરી એસોસીએશનનાં પ્રમુખ ધીરેશ શાહે કહ્યું કે સંગઠન દ્વારા પણ નોટરીઓને લગન-છુટાછેડાના એફીડેવીટ નહીં કરવાનું સુચવ્યુ છે. કયારેક સંબંધીત પક્ષકારો પરસ્પર આગળ ધરીને દબાણપૂર્વક કરાર કરાવે છે.

અમુક નિષ્ણાંતોએ એમ કહ્યું કે સરકારી પરિપત્રથી અદાલતોમાં કેસોનો ઢગલો થશે.પરિપત્રથી અદાલતોમાં કેસોનો ઢગલો થશે. પરસ્પર સહમતીથી લગ્ન કે છુટાછેડા માટે નોટરીનાં સોગંદનામાને માન્યતા આપવી જોઈએ અદાલતી કાર્યવાહી ખર્ચાણ રહેવા ઉપરાંત સમય માંગી લે છે જોકે એક વર્ગનો મત એવો છે કે નોટરીનાં સોગંદનામા માત્ર પક્ષકાર છે અને સાથી પુરતા જ સીમીત હોય છે. કાયદેસરના તો સંબંધીત કોર્ટમાં જ ફાઈનલ થતી હોય છે.

## ટ્રમ્પની હત્યાનું વધુ એક ષડયંત્રઃ નકલી પાસ ધરાવતો શખ્સ રેલીમાં ઘુસી ગયોઃ ઝબ્બે

**મુખ્ય સમાચાર,કેલિફોર્નિયા**


કેલિફોર્નિયાના કોચેલ્લા વેલીમાં ડોનાલ્ડ ટ્રમ્પની રેલીની બહાર શનિવારે નકલી પાસ ધરાવતાં બંદૂકધારીની ધરપકડ કરવામાં આવી હતી. રિવરસાઈડ કાઉન્ટી શેરિફ ઑફિસના જણાવ્યાં અનુસાર, શનિવારે રેલી શરૂ થવાની થોડી જ ક્ષણો પહેલાં, એવન્યુ ૫૨ અને કોચેલ્લામાં સેલિબ્રેશન ડ્રાઈવની નજીક એક ચેકપોઈન્ટ પર આ બંદૂકધારીની ધરપકડ કરવામાં આવી હતી.

વેમ મિલર તરીકે ઓળખાયેલ શંકાસ્પદ વ્યકિત પાસે લોડેડ શોટગન, હેન્ડગન અને ઉચ્ચ ક્ષમતાનું મેગેઝિન પણ હતું, અધિકારીઓને શંકા છે કે ભૂતપૂર્વ અમેરિકી રાષ્ટ્રપતિ વિરુદ્ધ આ ત્રીજો હત્યાનો પ્રયાસ હોઈ શકે છે.

પોલીસે લાસ વેગાસના રહેવાસી ૪૯ વર્ષીય વેમ મિલરને રેલીના પ્રવેશદ્વારથી લગભગ અડધા માઈલના અંતરે એક ચેકપોઈન્ટ પર અટકાવ્યો હતો. તે નકલી પ્રેસ અને વીઆઈપી પાસ સાથે મળી આવ્યો હતો, જેણે શંકા ઊભી કરી હતી, મિલરને સરકાર વિરોધી જૂથનો ભાગ હોવાનું માનવામાં આવે છે જે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યા કરવાનું કાવતરું ઘડી રહ્યો હતો.

મિલરને શનિવારે જ ૫૦૦૦ ડોલરના જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો અને ૨ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ તેને કોર્ટમાં હાજર થવાનું રહેશે. પોલીસે જણાવ્યું હતુ કે, નસ્રઆ ઘટનાથી ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને કાર્યક્રમમાં હાજર રહેલાં લોકોની સુરક્ષાને અસર થઈ નથી.

વેમ મિલર સામે નાના મોટા ગુનાઓનો ઈતિહાસ રહેલો છે અને તે સાર્વભૌમ નાગરિકોની ચળવળ



સાથે જોડાયેલા હોવાનું માનવામાં આવે છે, મિલર રાઈટ વિંગ એન્ટી ગવર્મેન્ટ જૂથનો સભ્ય પણ હોય શકે છે.એફબીઆઈ તેને ''સરકાર વિરોધી ઉગ્રવાદી'' ગણે છે. મિલર, રજિસ્ટર્ડ રિપબ્લિકન, કેલિફોર્નિયા સ્થિત સીબીડી કંપની પણ ધરાવે છે.

## મુંબઈથી ન્યુયોર્ક જતા એર ઈન્ડિયાના વિમાનમાં બોમ્બ હોવાની ધમકીથી દિલ્હીમાં ઈમરજન્સી લેન્ડીંગ

### બધા યાત્રીઓને વિમાનમાંથી સુરક્ષિત બહાર કઢાયાઃ તપાસ ચાલુ

**મુખ્ય સમાચાર,મુંબઈ**

મુંબઈથી દિલ્હી જઈ રહેલા એર ઈન્ડિયાના વિમાનને બોમ્બની ધમકી મળતા વિમાનને દિલ્હી ડાયવર્ટ કરાયું હતું. બધા યાત્રીઓ સુરક્ષીત છે અને આગળની તપાસ ચાલુ છે.

દિલ્હુ પોલીસે જણાવ્યું હતું કે, એર ઈન્ડિયાના વિમાનને સુરક્ષાના કારણોસર દિલ્હી ડાયવર્ટ કરાયું હતું. હાલ વિમાન આઈજીઆઈ એરપોર્ટ પર છે. આજે મુંબઈથી ન્યુયોર્ક જતા એર ઈન્ડીયાના વિમાનને સુરક્ષા એલર્ટ મળ્યું હતું. ત્યારબાદ મળેલા નિદેશ મુજબ તેને દિલ્હી તરફ લઈ ઉતરાણ કરાવાયું હતું. બદા યાત્રીઓ વિમાનમાંથી નીચે ઉતરી ગયા છે અને તેઓ દિલ્હી એરપોર્ટના ટર્મિનલ પર છે.

આ મામલે દિલ્હી પોલીસે વધુમાં જણાવ્યું હતું કે, યાત્રીઓ અને ચાલક દળની સુરક્ષા નિશ્ચિત કરવા માટે બધા સુરક્ષાના પ્રોટોકોલનું પાલન કરવામાં આવી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે આ પહેલા ઓગષ્ટમાં મુંબઈથી આવી રહેલા એર




ઈન્ડિયાના એક વિમાનમાં બોમ્બ હોવાની ધમકી મળી હતી.

વિમાનના શૌચાલયમાં એક ટિશ્યુ પેપરમાં બોમ્બ હોવાની ધમકી મળી હતી. જેમાં લખ્યું હતું કે ઉડાનમાં બોમ્બ છે તેમાં ૧૩૫ યાત્રી સવાર હતા. ત્યાર બાદ પાયલોટે એટીસીને આ બારામાં બતાવ્યું હતું અને તિરૂવનંતપુર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઈમરર્જન્સી જાહેર કરાઈ હતી, જોકે તપાસ બાદ ધમકી અફવા સાબિત થઈ હતી.

## મહારાષ્ટ્ર - ઝારખંડ વિધાનસભા ચૂંટણીની આ અઠવાડિયે જાહેરાત

### હરિયાણા પરિણામો બાદ ભાજપ ફરી વિજેતાની અદામાંઃ વિપક્ષો માટે મોટો પડકાર

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં લોકસભા ચૂંટણી બાદ યોજાયેલી હરીયાણા અને ઝારખંડની ધારાસભા ચૂંટણીમાં પરીણામો બાદ હવે સરકારની રચના માટેની પ્રક્રિયા ઝડપી બની છે. આ સપ્તાહમાં જ બન્ને રાજયોમાં નવી સરકારની શપથવિધી યોજાશે તે સમયે તે સમયે ચૂંટણી પંચ હવે મહારાષ્ટ્ર-ઝારખંડની વિધાનસભા ચૂંટણીમાં તથા ઉતર પ્રદેશની ૧૦ સહીત લોકસભા-દારાસભાની ૫૦ ખાલી થયેલી ધારાસભા બેઠકોની ચુંટણીની જાહેરાત કરશે. જેમાં ગુજરાતની વાવ ધારાસભા બેઠકની ચૂંટણીની જાહેરાત પણ થશે.

મહારાષ્ટ્ર અને ઝારખંડમાં જુનના આસપાસ મતદાન થશે બન્ને રાજયોમાં તા.૨૬ નવેમ્બર સુધીમાં નવી વિધાનસભાની રચના થઈ જશે.ચૂંટણી પંચ તા.૨૯ ઓકટોથી શરૂ થનારા રીયાલીટીના તહેવારો તતા દેવદિવાળી સહીતનાં તહેવારોને ધ્યાનમાં રાખીને ચૂંટણી કાર્યક્રમ જાહેર કરશે.ખાસ ઝારખંડ-બિહારમાં છઠ પૂજા વ.નું ઘણુ મહત્વ છે અને તેથી મહારાષ્ટ્રમાં વસતા બિહારી ઝારખંડના મતદારો મોટી સંખ્યામાં તેમના વતન પરત જાય તેવી પરંપરા છે.

તેથી પંચ મતદાનની તારીખો નિશ્ચિત કરતા સમયે આ ફેકટર પણ ધ્યાનમાં લેશે.હરીયાણામાં ભાજપને જે સફળતા મળી છે તે પછી ખાસ કરીને મહારાષ્ટ્રમાં ભાજપ પોતાના પ્રભુત્ુ સાથે સતા પર આવે તે જોવા માંગે છે અને ઝારખંડ પણ તે જીતવા કોઈ કચાશ છોડશે નહિં.

આ ઉપરાંત વાયનાડ અને બરી લોકસભા બેઠકોની પેટા ચૂંટણી યોજીને વાયનાડ બેઠક વિપક્ષનાં તેના રાહુલ ગાંધીએ ખાલી કરી છે તેઓ રાયબરેલી બેઠક પણ જીતી હતી તેથી હવે કોંગ્રેસ આ બેઠક પર પક્ષના મહામંત્રી અને ગાંધી કુટુંબનાં બીજા યુવા નેતા પ્રિયંકા ગાંધીને આ બેઠક પર ચૂંટણી લડવા મેદાનમાં ઉતારે છે કે કેમ તેના પર સૌની નજર છે.

જો પ્રિયંકા ગાંધી વાયનાડ બેઠક લડશે તો તે પ્રતિષ્ઠાનો જંગ બની જશે તે નિશ્ચિત છે. જયારે પ.બંગાળની બરી લોકસભા બેઠકની પેટા ચૂંટણી અહીંના તૃણમુલ કોંગ્રેસનાં સાંસદ શેખ નુરૂલ ઈસ્લામનાં નિધનથી ખાલી પડી છે અને જે રીતે છેલ્લા બે માસથી રાજયમાં મમતા બેનરજી સામે એક બાદ એક વિવાદ-વિરોધનો જુવાળ છે



તેથી તે બેઠક જાળવી રાખવી તૃણમુલ કોંગ્રેસ માટે પડકાર હશે.

આ ઉપરાંત ઉતર પ્રદેશની ૧૦ વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણીઓ યોજાઈ રહી છે અને તેમાં યોગી સરકારની કસોટી છે લોકસભા ચૂંટણીમાં જે રીતે ભાજપે ૩૦ બેઠકો ગુમાવી હતી. આમ સપા-કોંગ્રેસ ગઠબંધન અને ખાસ કરીને સમાજવાદી પક્ષ અને તેના વડા અખિલેશ યાદવ હાલ આક્રમક બન્યા છે જેથી મુખ્યમંત્રી યોગી આદીત્યનાથ માટે આ પેટા ચૂંટણીઓ પ્રતિષ્ઠાનો જંગ બની રહેશે.

## ઝારખંડમાં દુર્ગાપૂજાના મેળામાંથી પરત ફરતી બે સગીરાઓનું અપહરણ કરી સામુહિક દુષ્કર્મ

- પંચાયત દ્વારા મામલો રફેદફે કરવાનો પ્રયાસ, અંતે પોલીસ દ્વારા તપાસઃ આરોપીઓ ફરાર



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગુજરાતમાં નવરાત્રિ દરમિયાન અનેક દુષ્કર્મની ઘટનાઓ સામે આવ્યા બાદ ભારતના અન્ય રાજ્યોમાંથી પણ હવે સામૂહિક દુષ્કર્મના કેસ સામે આવવા લાગ્યા છે.

તાજેતરનો મામલો ઝારખંડના પલામુ જિલ્લાનો છે જ્યાં દુર્ગા પૂજાના મેળામાંથી ઘરે પરત જતી બે દલિત સગીરાઓ પર સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાના ચકચારભર્યા સમાચાર સામે આવ્યા છે. એક પોલીસ અધિકારીએ આ મામલે જાણકારી આપતાં કહ્યું કે આ ઘટના શુક્રવારે નૌડીહા બજાર ક્ષેત્રના પોલીસ સ્ટેશનની હદમાં બની હતી. હેવાનોએ આ બંને સગીરાઓને રસ્તામાં અધવચ્ચેથી જ ઉપાડી લીધી હતી અને તેમના પર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. આરોપીઓને પકડવા માટે મોટાપાયે શોધખોળ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. પીડિતાઓએ સામૂહિક દુષ્કર્મનો ભોગ બન્યા બાદ ઘરે પહોંચીને પરિવારને ઘટના વિશે જાણકારી આપી હતી. ત્યારબાદ આ મામલે આગામી બે દિવસ સુધીમાં પંચાયત સ્તરે જ ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. છેવટે રવિવારે મોડી સાંજે આ મામલો પોલીસ સુધી પહોંચી ગયો. આ મામલે તપાસ શરૂ કરી દેવામાં આવી છે. આરોપીઓ હજુ સુધી ફરાર છે.

## ખાદ્યચીજોના ઉંચા ભાવઃ ફૂગાવો ફરી ભડકવાનું જોખમ

### દેશનાં ટોચના અર્થશાસ્ત્રીઓનો સૂરઃ મોંઘવારી દર પાંચ ટકાને વટાવી જશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં તહેવારોનો ઉત્સાહ જામવા લાગ્યો છે તે પૂર્વે મોંઘવારી ભડકવાની આશંકા તેમાં પાણી ફેરવી શકે છે.રીટેઈલ ફૂગાવાનો દર ફરી વખત પાંચ ટકાને વટી જવાની ભીતિ છે. જે સંજોગોમાં તે કયા મહીનાના સર્વોચ્ચ સ્તરે પહોંચી જશે દેશના ટોચના ૨૦ ધારાશાસ્ત્રીઓના અભિપ્રાય સર્વેનાં આધારે આ ખુલાસો થયો છે.

આ પૂર્વે રીટેઈલ મોંઘવારી સળંગ બે મહિનાથી ચાર ટકાથી નીચેના સ્તરે હતી અને રીઝર્વ બેન્કનાં ટારગેટથી ઓછી રહેતા વ્યાજદરમાં ઘટાડો થવાનો આશાવાદ વ્યકત થવા લાગ્યો હતો.

સર્વેમાં સામેલ મોટાભાગનાં અર્થશાસ્ત્રીઓએ એવો સુર દર્શાવ્યો હતો કે સપ્ટેમ્બરે પુરા થયેલા મહિનાના રીટેઈલ ફૂગાવો દર ૪.૭ થી ૫.૩ ટકાની વચ્ચે રહી શકે છે. માત્ર ત્રણ જ અર્થશાસ્ત્રીઓએ ફૂગાવો પાંચ ટકાથી નીચે હોવાનું અનુમાન દર્શાવ્યુ હતું.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ તાજેતરની ધિરાણ નીતિ સમીક્ષામાં મોંઘવારી સામેની ચિંતા યથાવત રાખી હતી અને વાર્ષિક ફુગાવા પર સરેરાશ ૪.૫ ટકા રહેવાનું સુચવ્યુ હતું. બીજા ત્રિમાસીક ગાળામાં ૪.૧ ટકા, ત્રીજા માસીક ગાળામાં ૪.૮ ટકા, તથા ચોથા ત્રિમાસીક ગાળામાં ૪.૨ ટકા રહેવાનો અંદાજ મુકાયો હતો.પ્રથમ ત્રીમાસીક ગાળામાં ૪.૩ ટકા રહી શકે છે.

રિઝર્વ બેન્કનાં ગવર્નર શાકાંત દાસે પણ ખાદ્યચીજોની ઉંચી કિંમત



સાથે ચિંતા દર્શાવી હતી. કુદરત-હવામાનના ૪.૨ તથા વૈશ્વીક સ્તરે ભૌગોલીક ટેન્શનને કારણે ફૂગાવા પર દબાણ ઉભુ થઈ શકે છે. છેલ્લા કેટલાંક દિવસોથી કુડતેલમાં મોટી વધઘટ રહી છે.ડુંગળી-બટેટા ચણાદાળમાં ભાવ વધારાથી મોંઘવારી પર અસર થશે. સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ અનુભુતી સહાયે પણ એમ કહ્યું કે ખાદ્યચીજોનાં ઉંચા ભાવ હજુ રિઝર્વ બેન્ક માટે ચિંતાનો વિષય છે. શાકભાજી વધુ મોંઘા થયા હતા. જોકે ખરીફ સીઝન સારી છે. સરકાર પાસે પર્યાપ્ત બફર સ્ટોક છે. સારા વરસાદથી શિયાળુ સિઝન પણ બમ્પર રહેવાનો આશાવાદ છે. એટલે અંતિમ ત્રી-માસીક ગાળામાં મોંઘવારી ઘટી શકે છે. જાણકારોનાં કહેવા પ્રમાણે વ્યાજદર ઘટાડાનો નિર્ણય મોંઘવારી આધારીત જ રહી શકે છે.ફૂગાવો નીચો રહે તો ડીસેમ્બર કે ફેબ્રૂઆરીમાં તે શકય છે.

## દાઉદના પગલે બિશ્નોઇ ગેંગઃ ૭૦૦ શાર્પ શૂટર

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગઈૅ નેતા બાબા સિદ્દીકીની હત્યા માટે લોરેન્સ બિશ્નોઈ ગેંગ જવાબદાર છે. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી અનુસાર, આ ગેંગમાં હાલમાં ૭૦૦ શૂટર્સ છે. બિશ્નોઈ ગેંગ પણ દાઉદ ઈબ્રાહિમના પગલે ચાલી રહી છે. ગઈઅએ ગઅડઅ હેઠળ ઓછામાં ઓછા ૧૬ ગેંગસ્ટરો સામે ચાર્જશીટ દાખલ કરી છે. તેમાં લોરેન્સ બિશ્નોઈ અને ગોલ્ડી બ્રાર પણ છે. આ ચાર્જશીટમાં દાવો કરવામાં આવ્યો છે કે લોરેન્સ બિશ્નોઈ ગેંગ દાઉદ ઈબ્રાહિમની ડી કંપનીના રસ્તે આગળ વધી રહી છે.

ગઈઅની ચાર્જશીટમાં જણાવવામાં આવ્યું છે કે લોરેન્સ બિશ્નોઈ અને તેની ટેરર સિન્ડિકેટ પરાક્રમી રીતે વિકસ્યા છે. ૯૦ના દાયકામાં જે રીતે દાઉદ ઈબ્રાહિમની ગેંગ ઝડપથી વિસ્તરી રહી હતી તે જ રીતે તે આગળ વધી રહી છે. દાઉદ ઈબ્રાહિમે ડ્રગ્સ સ્મગલિંગ દ્વારા પોતાનું નેટવર્ક વિસ્તારવાનું શરૂ કર્યું હતું. આ પછી કલેકશનનું કામ શરૂ થયું. બાદમાં તેનું નામ એસડી કંપની રાખવામાં આવ્યું. આ ગેંગ પણ પાકિસ્તાનના આતંકવાદીઓ સાથે જોડાઈ હતી. તેવી જ રીતે બિશ્નોઈ ગેંગે પણ નાના ગુનાઓ શરૂ કર્યા હતા પરંતુ હવે તે મોટી ગેંગ છે. ગઈઅની ચાર્જશીટમાં જણાવાયું છે કે લોરેન્સ બિશ્નોઈ ગેંગનું સંચાલન સતવિંદર સિંહ ઉર્ફે ગોલ્ડી બ્રાર કરે છે, જે કેનેડિયન પોલીસ અને ભારતીય એજન્સીઓની યાદીમાં વોન્ટેડ છે. આ સિવાય બિશ્નોઈ ગેંગમાં ૭૦૦ શૂટર્સ છે જેમાંથી ૩૦૦ પંજાબના છે. ગોલ્ડી બ્રાર અને લોરેન્સ બિશ્નોઈની તસવીરો ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબ પર



શેર કરવામાં આવી છે. બિશ્નોઈને કોર્ટમાં લઈ જવાની તસવીર સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને યુવાનોને ગેંગમાં સામેલ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ૨૦૨૧-૨૧ દરમિયાન આ ટોળકીએ ખંડણી વડે કરોડો રૂપિયા એકત્ર કર્યા અને હવાલા ચેનલો દ્વારા વિદેશ મોકલ્યા. ચાર્જશીટમાં કહેવામાં આવ્યું છે કે બિશ્નોઈ ગેંગે હરિયાણા, દિલ્હી અને રાજસ્થાનની અન્ય ગુનાહિત ગેંગ સાથે પણ જોડાણ જાળવી રાખ્યું છે. હવે લોરેન્સ બિશ્નોઈ ગેંગનો આતંક સમગ્ર ઉત્તર ભારતમાં છે જેમાં પંજાબ, મહારાષ્ટ્ર, હરિયાણા, ઉત્તર પ્રદેશ, દિલ્હી, રાજસ્થાન અને ઝારખંડનો સમાવેશ થાય છે. આ ટોળકી યુવાનોને વિદેશ મોકલવાનું સપનું બતાવી લાલચ આપે છે એવો આક્ષેપ છે કે બિશ્નોઈ ગેંગ યુવાનોને વિદેશ મોકલવાની લાલચ આપે છે. કેનેડા જેવા દેશની નાગરિકતા મેળવવાના લોભમાં આ ટોળકી તેમનો ઉપયોગ પોતાના માટે કરવા લાગે છે. ફત્ખ અનુસાર, ખાલિસ્તાની આતંકવાદી હરવિંદર સિંહ રિંડા, પાકિસ્તાનમાં બિશ્નોઈ ગેંગના શૂટર્સનો ઉપયોગ ગુનાહિત ગતિવિધિઓ માટે કરે છે.

# મોરબીમાં પેટ્રોલપંપના સંચાલકને બોગસ પ્રેસ આઈકાર્ડ વેચાનાર ત્રણ ઝડપાયા

## રૂા.3 હજારથી લઈ રૂા.૮ હજારમાં ૬૦૦ થી વધુ પ્રેસ આઈકાર્ડ વેચ્યા હોવાની કબુલાત

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના ત્રણ શખસોએ પેટ્રોલપંપ સંચાલકને રૂ.૪૦૦૦માં પ્રેસકાર્ડ વેચ્યા બાદ રીન્યુ કરવાના ૩ હજાર માંગી બ્લેક મેઈલ કરવાનું શરૂ કરી વીડિયો ઉતારી લઈ ૫૦ હજાર માંગતા નોંધાયેલ ફરિયાદના આરોપીને મોરબી સીટી બી ડિવિઝન પોલીસે ઝડપી લઈ રિમાન્ડ ઉપર લેતા અત્યાર સુધીમાં ૬૦૦ કાર્ડ વેચ્યાનું તપાસમાં ખુલતા પોલીસે પ્રેસકાર્ડનું કૌભાંડ રાજ્યવ્યાપી હોવાની આશંકા વ્યક્ત કરી તપાસ જારી રાખી સીટી બી ડિવિઝન પીઆઈ વસાવાએ જણાવ્યું હતું કે, સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં પેટ્રોલપંપ સંચાલકને બ્લેક મેઈલ કરવા મામલે આરોપી રાધેશભાઈ



કિશનભાઈ બુધ્ધભટ્ટી, જયદેવભાઈ કિશનભાઈ બુધ્ધભટ્ટી અને મયુરભાઈ કિશનભાઈ બુધ્ધભટ્ટી, રહે. મોરબી વિરુદ્ધ ફરિયાદ નોંધાતા ત્રણેય ની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરવામાં આવતા ત્રણેય આરોપીઓના બે દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા છે. વધુમાં પોલીસની પૂછતાછમાં ત્રણેય આરોપીઓ પોતે પત્રકાર હોવાનો દાવો કરી પબ્લીકમા પત્રકાર તરીકે ભય ઉભો કરી અન્ય વ્યક્તિ સાથે મળી પત્રકાર તરીકેના આઈ કાર્ડ વહેચીણી કરી પૈસા પડાવ્યા હોય તેવુ તપાસમા જણાયુ છે.

# મોરબીના વોર્ડ નં.૧ માં ખુલ્લા વોકળા ઉપર સ્ટ્રોમ વોટર લાઈનનું ખાતમુહૂર્ત કરાયું



મોરબી શહેર વોર્ડ નં ૧ની મારુતિપાર્ક, કૃષ્ણનગર અને ન્યૂ કુબેરનગરને જોડતા મુખ્ય રસ્તા પર આવેલ ખુલ્લા વોકળા ઉપર રૂ.૮૪ લાખના ખર્ચે સ્ટ્રોમ વોટર લાઈન નાખવાના કામનું ખાતમુહૂર્ત મોરબી માળિયાના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા તેમજ કશ્યપભાઈ શુકલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોરબી જીલ્લા ભાજપ મંત્રી જેઠાભાઈ મિયાત્રા તેમજ દિપકભાઈ અંદરપા, જયદીપભાઈ દેત્રોજા અને મોરબી જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના મંત્રી અને આ વિસ્તારના સક્રિય આગેવાન ઉગાભાઈ આહીર, ભારતીબેન રાછ અને આ વિસ્તારના મોટી સંખ્યામાં ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં પોલીસ પુત્રના જન્મદિવસની પ્રેરણાદાયક ઉજવણી, યદુનંદન ગૌશાળા ખાતે વિવિધ સેવાકીય પ્રવૃત્તિ કરાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી એલસીબી પોલીસમાં ફરજ બજાવતા પીએસઆઈ કે.એચ.ભોચિયાના પુત્ર યશવીરના જન્મદિવસ નિમિત્તે મોરબીની યદુનંદન ગૌશાળા ખાતે નિરાધાર અને માનસિક વિકલાંગો સાથે સમય પસાર કરી તેમજ તમામ લોકોને આઈસ્ક્રીમની મિજબાની કરાવી સમાજ પ્રત્યેની સેવાભાવનાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

મોરબી જીલ્લા પોલીસની કાઈમ બ્રાંચ ટીમના પીએસઆઈ કે.એચ ભોચિયાએ પોતાના પુત્રના જન્મદિવસની પ્રેરણાદાયક ઉજવણીરૂપે પીએસઆઈ ભોચિયાસાહેબે સહપરિવાર મોરબી લીલાપર રોડ ખાતે આવેલ



યદુનંદન ગૌશાળાની મુલાકાત લીધી હતી, ત્યાં નિરાધાર અને માનસિક અસ્થિર તેમજ વિકલાંગો સાથે સમય પસાર કર્યો હતો, ત્યાંના તમામ લોકોને આઈસ્ક્રીમ ખવડાવવામાં આવ્યો હતો તેમજ જે વૃદ્ધ અને સાવ પથારીવશ લોકો હતા તેમને પુત્ર યશવીરે પોતાના હાથે આઈસ્ક્રીમ ખવડાવી ધન્યતાનો અનુભવ કર્યો હતો. સાથે સાથે ગૌશાળામાં ગૌમાતાઓ તેમજ ત્યાં રહેતા અન્ય પશુઓને ઘાસચારો ખવડાવી એક પ્રેરણાદાયક પહેલ કરવામાં આવી હતી.

આમ પુત્રના જન્મદિવસ નિમિતે કરવામાં આવેલ સામાજિક પ્રવૃત્તિ દરમિયાન ગૌશાળા ખાતે રહેતા નિરાધાર અને માનસિક અસ્થિર તેમજ વિકલાંગ લોકોના ચહેરા પર એક અલગ ખુશી સ્પષ્ટપણે દેખાતી હતી. સમાજ સેવા અને સમર્પણની ભાવના થકી પુત્રના જન્મદિવસની ઉજવણી અલબત્ત સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકાય તેનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

# જામનગર શહેરમાં દિવસ દરમ્યાન બંધ મકાનમાં ચોરી કરનાર શખ્સને LCB પોલીસે ઝડપી પાડ્યો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેરમાં દિવસ દરમ્યાન બંધ મકાનમાં ચોરી કરનાર શખ્સ ને કઈઈ પોલીસે ઝડપી પાડ્યો જ્યારે શહેરમાં ગત તારીખ ૧૮-૯-૨૦૨૪ના રોજ ગોકુલ નગર વિસ્તારમાંથી બંધ મકાનમાં ચોરી કરી હતી અને બીજી ચોરી શહેરના મધુરમ સોસાયટી માંથી કરી હતી જ્યારે શહેરમાં સીટીસી ડિવિઝન અને સીટી બી પોલીસ સ્ટેશનમાં બંને ચોરીની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.જ્યારે શહેર અને જિલ્લામાં વાહન ચોરી તથા ખરપુર ચોરી કરતા શખ્સોને ચેક કરી વાહન ચોરી તથા ઘર પર ચોરીના ગુના શોધી કાઢવા કામગીરી હાથ ધરવામાં આવી રહી હતી ત્યારે શહેર વિસ્તારમાં ઘરફોડ ચોરીના અનડીટેક ગુના શોધી કાઢવા એલસીબી પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન એલસીબી સ્ટાફ ના અરજણ કોડીયાતર કૃપાલસિંહ જાડેજા ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા કિશોર પરમાર અને મયુદ્દીન સૈયદને ચોક્કસ હકીકત મળી હતી કે શહેરમાં અંબર ચોકડી પાસે ચર્ચ પાસેની ગલીમાં ચોરીના મુદ્દા માલ સાથે એક શખ્સ ત્યાં હાજર છે. ત્યાં તેને દબોચી લેવામાં આવ્યો હતો.અને તેના વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હતો.પકડાયેલો આરોપી કરણસિંહગ રાજકુમારસિંગ ચૌહાણ જાતે ઠાકોર તે મૂળ ઉત્તર પ્રદેશનો છે.જેને શહેરમાં બે જગ્યાએ ચોરી કરી હતી જેમાં સીટી બી ડિવિઝન પોલીસ વિસ્તારમાં મધુરમ સોસાયટીમાં અને સીટી સી ડિવિઝન પોલીસ વિસ્તારમાં ગોકુલનગર વિસ્તારમાં ઘરફોડ ચોરી કરી હતી અને પોલીસે તેને અંબર ચોકડી પાસેથી દબોચી લીધો છે.જ્યારે પોલીસે તેની પાસેથી ૧૨,૦૦૦ રોકડા સહિત સોના ચાંદીના દાગીના અને કુલ કિંમત રૂપિયા ૪,૦૩,૩૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે આરોપીને પકડી પાડી છે.ત્યારે ચોરી કરવાની એમોએ હતી કે શેરી ગલીઓમાં ચકરો મારી બંધ મકાન જોઈ મકાનના દરવાજા પાસે જઈ અને દરવાજાની આજુબાજુ તથા બાથરૂમમાં તથા દરવાજા પાસે પડેલ બુટ ચંપલ અંદર ચાવી ગોતી ચાવીથી મકાનના દરવાજાનો લોક ખોલી મકાનની અંદર પ્રવેશ કરી ચોરી કરતો





હતો.આરોપી કરણસિંગ ચૌહાણ પાસેથી પોલીસે સીટી બી વિસ્તારમાં મધુરમ સોસાયટી માંથી ચોરી થયેલ જેમાં મુદ્દામાલ કબજે કર્યો તેમાં સોનાની વીંટી નંગ ચાર,સોનાની કાનની કડી નંગ બે,ચોરાની કાનની બુટ્ટી નંગ ૨,સોનાના કાનમાં પહેરવાના દાણા નંગ બે ,સોનાનો ચેન સૂર્યના પેન્ડલ સાથે એક,સોનાનો હાર નંગ એક,બુટી નંગ ૨,સોનાનો માથાનો ટીકો નંગ એક,સોનાની વીંટી નંગ ૩,સોનાની કાનની સર છોડી એક,સોનાના પગના સાંકડા નંગ ચાર,સોનાની પગની માછલી નંગ ૨ ,ચાંદીની લકી નંગ એક ચાંદીના ગણપતિ નંગ ૨,અને રોકડ રૂપિયા ૧૨૦૦૦ કબજે કર્યા છે.તેમજ સીટી સી ગોકુલ નગર વિસ્તારમાં ચોરી કરી હતી જેમાં સોના ની લેડીઝ વિંગ નંગ ૩, સોનાની જીન્સ ની રીંગ નંગ એક, સોનાનું મંગલસૂત્ર પેન્ડલ બુટ્ટી શેટ સાથે નંગ એક, સોનાનું નાનું થોરિયું નંગ ૨ ,તેમજ રોકડ રકમ ૨૮,૩૦૦ મળીને કુલ રૂપિયા ૪,૦૩,૩૦૦ નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે. ત્યારબાદ પોલીસ દ્વારા આરોપીની વધુ પૂછફરજ હાથ ધરી આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# ઊના પંથકનાં નાલીયા માંડવી ગામમાંથી તેલનો શંકાસ્પદ જથ્થો ઝડપાયો

મુખ્ય સમાચાર,ઉના

ગીર સોમનાથ જિલ્લાના નલિયા માંડવી ગામના રહેણાંકીય મકાનમાંથી તેલનો જથ્થો ઝડપાયો છે. નવાબંદર મરીન પોલીસે શંકાસ્પદ હાલતમાં તેલનો જથ્થો ઝડપી પાડ્યો છે. નવાબંદર મરીન પોલીસના સંદીપ ઝણકાટ અને પી. પી. બાંભણિયાને બાતમી મળી હતી. બાતમી આધારે પોલીસ સબ. ઈન્સ. વી. કે. ઝાલા સહિતના સ્ટાફ દ્વારા રેડ કરવામાં આવી. ઘટના સ્થળ પરથી ૪૦૦ જેટલા શંકાસ્પદ હાલતમાં તેલ ભરેલ ડબ્બાઓ મળી આવ્યા.

દેલવાડાના હરેશ પ્રોવિઝનના માલિક નરેન્દ્ર કોટક રહે.ઉનાનો જથ્થો હોવાનું બહાર આવ્યું. છેલ્લા ચાર દિવસથી ઉના તાલુકામાં ડુપ્લીકેટ તેલનો શંકાસ્પદ જથ્થો મળી આવે છે. ફૂડ એન્ડ ડ્રગ વિભાગની કામગીરી નવાબંદર મરીન પોલીસે કરતા તંત્ર પર અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. પોલીસ દ્વારા ઉના મામલતદારને જાણ કરાતા હજુ સુધી ઘટના સ્થળે આવેલ નથી.

ઉનામાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા ખાદ્ય તેલની કંપની ઝડપાય હતી. ઉનામાં દેલવાડા રોડ પર આવેલ એક તેલના ગોડાઉન પરના કલેક્ટર તેમજ મામલતદાર દ્વારા જિલ્લા કલેક્ટરની સીધી દેખરેખ હેઠળ એક મકાનમાં દરોડા પાડી અંદાજે રૂ. ૩૧ લાખના શંકાસ્પદ ખાદ્ય તેલના ડબ્બા મુદ્દામાલ જપ્ત કરી ગોડાઉન સિલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ગીર સોમનાથ કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાને બાતમી મળી હતી કે ઉના દેલવાડા રોડ પર ભવાની મિલ નામની તેલની કંપની આવેલી જેમાં મોટા પ્રમાણમાં ભેલસેળ તેલમાં કરી લોકોનાં સ્વાસ્થ્ય સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે. કલેક્ટરને બાતમી મળતા તત્કાળ ઉના એસ ડી એમ અને ટીમને જાણ કરી સ્થળ પર રવાના કરી તેલની મિલ પર દરોડો પાડ્યો હતો.

તંત્રની ટીમે ભવાની ઓઈલ મીલનો નજારો જોતા જ ચોકી હતી



કારણ કે અહીં અલગ અલગ મોટી બ્રાન્ડના કપાસિયા તેલ અને અન્ય તેના ડબ્બાઓ અને લેબલો મળી આવ્યા હતા. વધુ તપાસ હાથ ધરતા ભેળસેળ યુક્ત તેલ મળી આવ્યું હતું. જે આશરે રૂ.૩૧ લાખ રૂપિયાની કિંમતનું છે. કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાના જણાવ્યા મુજબ પામ ઓઈલ અને અલગ-અલગ અન્ય વસ્તુઓને મિક્સ કરવામાં આવતી અને તેલના ડબ્બા પર બ્રાન્ડેડ કંપનીનાં સ્ટીકર ચિપકાવી આ તેલને માર્કેટમાં મોટા પ્રમાણમાં વહેંચવામાં આવતું હતું. આરોપી વેપારીની પૂછપરછ કરતા તેમને સ્વીકાર્યું કે તે સસ્તી વસ્તુઓ અને પામ ઓઈલ નાખી મસમોટું વેચાણ કરતો હતો. એટલું જ નહીં કલેક્ટરની ટીમો દ્વારા શોપ અને અન્ય જગ્યા પર ડુપ્લીકેટ તેલ વેચવામાં આવ્યું તે પણ જપ્ત કરવાની કામગીરી હાથ ધરી છે.

# મોરબીના યુવકનું પ્રેમસંબંધ મામલે અપહરણ થયા બાદ તેની ઘાતકી હત્યાના આરોપીઓને દબોચી લેતી બી ડિવિઝન પોલીસ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી સામાકાંઠા વિસ્તારમાં આવેલ ઈન્દિરાનગરમાં રહેતા વિજય ઉર્ફે રવિ નામના યુવાનનું પ્રેમસંબંધનો ખાર રાખી યુવતીના સગાઓ દ્વારા ગત તા.૧૧/૧૦ના રોજ અપહરણ કરીને બેલા ગામ નજીક બાવળની કાંટમાં પથ્થરો અને લાકડીઓ વડે આડેધડ માર મારી મોત નિપજાવવાના ગુનામાં સંડોવાયેલ ૧૧ આરોપીઓને ગણતરીની કલાકોમા મોરબી સીટી બી ડિવિઝન પોલીસ દ્વારા ઝડપી લઈ તમામ વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત ટુક વિગત મુજબ ગત તા.૧૧ ઓક્ટો.૨૦૨૪ ના રાત્રીના ૮ વાગ્યા આસપાસના સમયે મોરબી-૨ ઈન્દિરાનગર ખારા પટમા બનેલ બનાવમાં ફરિયાદી એવા મૃતક વિજય ઉર્ફે રવિના ભાઈ વિશાલભાઈ પરસોત્તમભાઈ માનેવાડીયા ઉવ.૨૩ ધંધો,મજુરી રહે.મોરબી-૨ ઈન્દીરાનગર ખોડીયારમાંના મંદિર પાસે ચોકમાં વાળાએ કુલ ૧૨ આરોપીઓ સામે મોરબી સોટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધી જાહેર કર્યુ કે ફરિયાદી વિશાલભાઈનો ભાઈ મૃતક વિજય ઉર્ફે રવીને આરોપીઓની ભત્રીજી સાથે પ્રેમ સબંધ હોય જેની આરોપીઓને જાણ થતા જેનો ખાર રાખી ગુનાહિત કાવત્રુ રચી વિજય ઉર્ફે રવિ ઈન્દિરાનગરના પટમાં બેઠા હતા ત્યા લાકડાના ધોકાઓ જેવા હથીયારો લઈને આવી વિજય ઉર્ફે રવિને માર મારી ઢસડી અપહરણ કરી બેલા રોડ ઉપર લઈ જઈ ધોકા જેવા હથીયારોથી હાથમા પગમા તથા શરીરે આડેધડ માર મારી ગંભીર પ્રકારની ઈજાઓ પહોચાડી મોત નિપજવ્યું હોય જે મુજબની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ઉપરોક્ત હત્યા જેવા ગંભીર ગુનાના સંદીવાયેલા આરોપીઓને સત્વરે પકડી પાડવા સીટી બી ડિવિઝન પોલીસ મથકના સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી આરોપીઓને શોધી કાઢવા ત્વરિત કામગીરી હાથ ધરવામાં આવી હોય તે દરમિયાન હત્યાના આરોપીઓ (૧)હરખજી ઉર્ફે હકો જીવનભાઈ અદગામા ઉવ.૪૪ રહે.ગામ ઘુંટુ, (૨)નરેશભાઈ લાભુભાઈ વાઘેલા ઉવ.૨૬ રહે.ત્રાજપર ગામ, (૩)વિશાલભાઈ ગાંડુભાઈ બાવરવા ઉવ.૨૪ રહે.ગામ ઘુંટુ, (૪)જયેશભાઈ જીવનભાઈ અદગામા ઉવ.૩૫ રહે.ત્રાજપર અવેળા પાસે હાલ રહે.ઘુંટુ ગામ, (૫)કાનાભાઈ હરખજીભાઈ ઉર્ફે હકાભાઈ અદગામા ઉવ.૨૦ રહે. ગામ ઘુંટુ, (૬)સીયારામ ગનેશભાઈ યાદવ ઉવ.૨૮ રહે.બેલાગામ પાસે લેક્સો પીલોસ કંપનીમા મુળ રહે.(યુ.પી), (૭)મનીષ અશોકભાઈ દંતેસરીયા ઉવ.૧૯ રહે.ગામ ઘુંટુ, (૮)મેરૂભાઈ ભરતભાઈ કરોતરા ઉવ.૨૩ રહે. ગામ શકત શનાળા, (૯)કિશોરભાઈ ઉર્ફે કિશલો લાભુભાઈ વાઘેલા ઉવ.૩૫ રહે.ત્રાજપર ગામ, (૧૦)સુનીલભાઈ જયંતીભાઈ જોગડીયા ઉવ.૨૩ રહે. ગામ ઘુંટુ તથા (૧૧)પ્રવિણ ઉર્ફે ઉગો જગમાલભાઈ અદગામા ઉવ.૨૪ રહે.ત્રાજપર ગામવાળા એમ તમામ આરોપીઓને મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકની અલગ અલગ ટીમો દ્વારા ગણતરીની કલાકોમા પકડી પાડવામાં આવી આગળની રિમાન્ડ સહિતની કાર્યવાહી કરવા તજવીજ શરૂ કરી છે.


# મોરબી મચ્છુ-૨ ડેમ ૧૦૦ ટકા ભરાઈ જતા એક દરવાજો ખોલાયો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં આવેલ મચ્છુ-૨ ડેમ હાલ ૧૦૦% ભરાઈ ગયો છે ત્યારે ઉપરવાસમાંથી હજુ પાણીની આવક ચાલુ હોવાથી ડેમનો એક દરવાજો ૨ ફૂટ સુધી ખોલવામાં આવ્યો છે, આ સાથે નીચાણવાળા ૨૯ ગામોને નદીના પટ્ટમાં અવર-જવર ન કરવા સાવચેત કરવામાં આવ્યા છે.

મોરબી મચ્છુ-૨ સિંચાઈ યોજનાના સેકશન અધિકારી બી.સી. પનારાની યાદીમાં જણાવ્યા મુજબ મોરબી જીલ્લાના મોરબી તાલુકાના જોધપર ગામ પાસે આવેલ મચ્છુ-૨ ડેમમાં ઉપરવાસમાં પાણીની આવક ચાલુ હોય, ડેમની સંગ્રશક્તિના ૧૦૦ % ડેમ ભરાય ગયેલ છે. તેમજ હાલ ડેમની ઉપરવાસમાં વરસાદને હિસાબે હજુ પાણીની આવક ચાલુ છે આથી ડેમનો એક દરવાજો ૨ ફુટ સુધી ખોલવામાં આવતા નીચવાસના ગામો જેમાં મોરબી તાલુકના (૧)જોધપર, (૨)લીલાપર, (૩)ભડીયાદ, (૪)ટીંબડી, (૫)ધરમપુર, (૬)રવાપર, (૭)અમરેલી, (૮)વનાળિયા, (૯)ગોર ખીજડીયા, (૧૦)માનસર, (૧૧)નવા સાદુળકા, (૧૨)જુના સાદુળકા, (૧૩)રવાપર, (૧૪)ગુંગણ (૧૫)નારણકા, (૧૬)બહાદુરગઢ, (૧૭)નવા નાગડાવાસ, (૧૮) જુના નાગડાવાસ, (૧૯)સોખડા, (૨૦)અમરનગર તેમજ માળીયા તાલુકાના (૧)વીરવદરકા, (૨)દેરાળા, (૩)નવાગામ, (૪)મેઘપર, (૫)હરીપર, (૬)મહેન્દ્રગઢ, (૭)ફતેપર, (૮)સોનગઢ, (૯)માળિયા (મી) ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા અને માલ મિલકત સલામત સ્થળે ખસેડી લેવા તેમજ ઢોર ઢાંકરને નદીના પટમાં ન જવા દેવા સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે.

# જામનગર શહેરની હોટલ-રેસ્ટોરન્ટમાં ફુડશાખા ત્રાટકી



જામનગર શહેરમાં હોટલ અને રેસ્ટોરન્ટમાં મનપાની ફુડશાખાએ ચેકીંગ હાથ ધરી પનીર અને શાકના નમૂના લીધા છે. આ નમૂના પૃથ્થકરણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.જામનગરમાં નવરાત્રિ બાદ દિવાળીના તહેવારને અનુલક્ષીને મહાનગરપાલિકાની ફુડશાખા દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારોમાં આવેલી હોટલ, રેસ્ટોરન્ટ, દુકાનોમાં ચેકીંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત રવિવારે રજાના દિવસે પણ મનપાની ફુડશાખાએ શહેરના જુદા-જુદા વિસ્તારમાં આવેલી હોટલ અને રેસ્ટોરન્ટમાં ચેકીંગ કર્યું હતું. જેમાં લાલબંગલા સર્કલમાં આવેલા પ્રકાશ રેસ્ટોરન્ટમાંથી છોલે-ચણા, ત્રણ બતી સર્કલ પાસે આવેલી વેજ પેલેસ ટ્રીટ રેસ્ટોરન્ટમાંથી મીકસ સબજીના નમૂના લીધા હતાં. જયારે મદ્રાસ હોટેલ, સ્વાતિ હોટેલ, વેજ પેલેસ ટ્રીટ રેસ્ટોરન્ટ, ન્યુ રામડેરી હોટેલમાંથી પનીરના નમૂના લીધા હતાં. આ તમામ નમૂના પૃથ્થકરણ માટે લેબોરેટરમાં મોકલવામાં આવ્યા છે.

# મોરબીમાં જલારામ એપાર્ટમેન્ટમાંથી વિદેશી દારૂ-બિયરના જંગી જથ્થા સાથે એકની અટક, ભાગીદાર ફરાર



મોરબી એલસીબી પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે રેઈડ કરતા નવલખી રોડ ઉપર રણછોડનગરમાં આવેલ જલારામ એપાર્ટમેન્ટના રૂમમાંથી તેમજ એપાર્ટમેન્ટના ફળીયામાં ભોંયતળીયે બનાવેલ ગુપ્ત ભોંયરામાંથી વિદેશી દારૂ-બિયરનો અલગ અલગ બ્રાન્ડનો કુલ ૫૬૮ બોટલ તથા બિયરનો જથ્થો પકડી પાડવામાં આવ્યો હતો આ સાથે આરોપી રૂમ માલીક શખ્સની અટકાયત કરવામાં આવી હતી જ્યારે દારૂના કાળા કારોબારમાં ભાગીદાર એવા નાની વાવડી ગામનો આરોપી કે જે દરોડા દરમિયાન હાજર મળી ન આવતા તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે.મોરબી એલસીબી પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ખાનગીરાહે બાતમી મળેલ કે રણછોડનગરમાં આવેલ જલારામ એપાર્ટમેન્ટમાં સાગરભાઈ પલાણ નામનો શખ્સ પોતાની રૂમમાં વિદેશી દારૂનો જંગી જથ્થો ઉતરેલ છે, જે મુજબની બાતમી મળતા તુરંત ઉપરોક્ત જલારામ પાર્ક યુનિટ-૨એપાર્ટમેન્ટના રૂમ નં.૧૫ માં રેઈડ કરતા ત્યાંથી માત્ર બે અલગ અલગ બ્રાન્ડની ૨૪ બોટલ મળી આવી હતી ત્યારે અન્ય વિદેશી દારૂના જથ્થા બાબતે રૂમ માલીક સાગરભાઈ પલાણની આગવી ઢબે સઘન પૂછતાછ કરતા એપાર્ટમેન્ટના ફળીયાની દીવાલની બાજુમાં ભોંયતળીયે ગુપ્ત ભોંયરા જેવામાંથી વધારાનો વિદેશી દારૂ-બિયરનો અલગ અલગ બ્રાન્ડનો જથ્થો કાઢી આપ્યો હતો. એલસીબી પોલીસે સ્થળ ઉપરથી કુલ વિદેશી દારૂની ૪૦૪ બોટલ તથા બિયરના ૧૬૪ નંગ ટીન જેની કુલ કિ.રૂ.૨,૭૮,૮૦૨/-ના મુદ્દામાલ સાથે આરોપી સાગરભાઈ કાંતિભાઈ પલાણ ઉવ.૩૨ રહે. જલારામ એપાર્ટમેન્ટ રૂમ નં.૧૫ વાળાની અટક કરી હતી. બીજીબાજુ વિદેશી દારૂનો જથ્થો કોની પાસેથી લાવ્યા અંગેની પૂછપરછમાં નાની વાવડી ગામે રહેતા કૌશિક નિમાવત કે જેની સાથે ભાગીદારી હોય તે આ વિદેશી દારૂનો જથ્થો આપી ગયો હોવાની કબુલાત આપી હતી. હાલ એલસીબી પોલીસે આરોપી કૌશિક નિમાવતને ફરાર દર્શાવી બંને આરોપીઓ સામે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરના પ્રદર્શન ગ્રાઉન્ડમાં આતાશબાજી સાથે રાવણ, કુંભકર્ણ અને મેઘનાદના પુતળાનું દહન કરાયું

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં દશેરા પર્વે સિંધી સમાજ દ્વારા જુદા જુદા વેશભૂષાના પાત્રો સાથે રામસવારી નગરભ્રમણે નીકળી, પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે રાવણ દહન કરાયું.મેદાન માં રામ અને રાવણનું યુદ્ધ ખેલાયું, રાવણનો પરાજ્ય થતા પૂતળાનું દહન કરાયું, મોટી સંખ્યામાં શહેરીજનો ઉમટ્યાં.ભારતના ભાગલા બાદ જામનગર આવીને વસેલા સીંધી સમુદાય દ્વારા છેલ્લા ૭૦ કરતા વધુ વર્ષોથી શહેરમાં દશેરાના દિવસે યોજાતી રામ શોભાયાત્રા અને રાવણ દહનની પરંપરા આજદિન સુધી જળવાઈ રહી છે. રામ-રાવણની સેનાના લલકાર નગરના માર્ગો પર ગુંજી ઉઠ્યા હતા. વિજયાદશમીના બપોરે ૪ વાગ્ય બાદ નાનકપુરી ખાતેથી રામસવારી યાત્રાનો પ્રારંભ થયો હતો. જે





પવનચક્કી, હવાઈ ચોક, બર્ધનચોક, સજુબા શાળા બેડી ગેટ લીમડા લાઈન,જિલ્લા પંચાયત થી પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે સહિતના શહેરના રાજમાર્ગો પર થઈ પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે પૂર્ણ થઈ હતી. જ્યાં રાવણ દહન કાર્યક્રમ યોજાયો હતો. ખાસ કરીને શોભાયાત્રાના રૂટ પર વાહનોમાં હનુમાનનું પાત્ર બનતા સીંધી સમાજના યુવાનો, ડાગલાઓની હડીયાપટ્ટી દ્વારા વાતાવરણ જીવંત બને છે. જામનગરના પ્રદર્શન ગ્રાઉન્ડમાં આતાશબાજી સાથે રાવણ, કુંભકર્ણ અને મેઘનાથના પુતળાનું દહન કરાયું હતું. જેને જોવા માટે મોટી સંખ્યામાં શહેરીજનો ઉમટી પડ્યા હતા. જામનગરના સિંધી સમાજ દ્વારા આજે સાંજે શહેરમાં સાત રસ્તા સર્કલ પાસે આવેલા પ્રદર્શન મેદાનમાં રાવણ દહનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. નાનકપુરી ખાતેથી વિવિધ પાત્રો સાથે આબેહુબ વેશભૂષામાં રામસવારી નિકળી હતી. જેમાં ભગવાન શ્રીરામની સેના, વાનર સેના, હનુમાનજી, ઋષિમુનિઓના વેશભુષા ના પાત્રો હોય છે. ઉપરાંત અટ્ટહાસ્ય કરતો રાવણ અને તેની સેનાના કુંભકર્ણ, મેઘનાદ જેવા મહારથીઓ અને રાક્ષસોની સેનાના હાકલા પડકારા બાળકોના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.જે શહેરના મુખ્યમાર્ગો પર ફરીને સાંજે પ્રદર્શન મેદાનમાં પહોંચી અને ત્યાં રામ અને રાવણનું યુદ્ધ બાદ રાવણનો પરાજ્ય થતા રાવણ દહન કરાયું હતું.આ કાર્યક્રમ માટે સિંધી સમાજના ચેરમેન અને માજી મંત્રી પરમાનંદ ખટ્ટર ના તથા પ્રમુખ ઘનશ્યામદાસ ગંગવાણી ના માર્ગદર્શન હેઠળ દશેરા કમિટી અને સમાજના યુવાઓ અને કાર્ય કર્તાઓ દ્વારા એક માસ પૂર્વે થી જહેમત ઉઠાવી તૈયારીઓ કરી પૂતળાં બનાવી જે પૂતળાંઓ પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે મેઘનાદ અને કુંભકર્ણના ૪૦-૪૦ અને રાવણનું ૫૦ ફુટ જેટલા ઊંચા પુતળા બનાવીને તેમાં ફટાકડા ભરીને ઉભા કરાયા બાદ દશેરા પર્વ ની સાંજે રામ રાવણના યુધ્ધ બાદ પુતળાઓને ભગવાન શ્રીરામના તીર દ્વારા પલિતો ચાંપવામાં આવ્યા હતા.

# મોરબીના રાજપર ગામ નજીક વાડીમાંથી અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો




મોરબીના રાજપર ગામ નજીક બાબુભાઈ ધરમશીભાઈ મોરજાની વાડીમાંથી અજાણ્યા પરપ્રાંતિય જેવા લાગતા પુરુષનો મૃતદેહ મળી આવ્યો છે. હાલ બનાવની જાણ પોલીસને કરતા તાલુકા પોલીસ ટીમ સ્થળ ઉપર જઈ તપાસ શરૂ કરી છે. મળતી વિગતો મુજબ મોરબી તાલુકાના રાજપર ગામની સીમમાં બાબુભાઈ ધરમશીભાઈ મોરજાની વાડીમાંથી અજાણ્યા પુરુષનો કોઈ કારણોસર મરણ ગયેલ હાલતમાં મૃતદેહ મળી આવવાની ઘટના સામે આવી છે. સમગ્ર બનાવને લઈને રજનીકાંતભાઈ ઉર્ફે રમેશભાઈ કચરાભાઈ દ્વારા પોલીસમાં જાણ કરતા તાલુકા પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી પ્રાથમિક વિગતો મેળવી મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખાતે ખસેડવા સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. હાલ પોલીસે અજાણ્યા પુરુષના મળી આવેલ મૃતદેહ અંગે અ.મોતની નોંધ કરી વાલી-વારસની શોધખોળ શરૂ કરી છે.

# રેસકોર્સ મેદાનમાં મેઘસવારી વચ્ચે ૬૦ ફૂટ ઊંચા રાવણના પૂતળાનું દહન







(તસ્વીરઃ આનંદ જાવિયા)

માતાજીની આરાધનાનું મહાપર્વ એટલે નવરાત્રી અને નવરાત્રીના નવ દિવસ પૂર્ણ થતા આજે વિજ્યાદશમીના દિવસે આખા દેશમાં દશેરાની ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે. ઠેર-ઠેર રાવણ દહનનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે. એ જ રીતે રાજકોટના રેસકોર્સ મેદાન ખાતે વિશ્વ હિન્દૂ પરિષદ અને બજરંગ દળ દ્વારા સતત ૨૯માં વર્ષે રાવણ દહનનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્રના સૌથી મોટા અને ગુજરાતના બીજા નંબરના સૌથી ઊંચા ૬૦ ફટના રાવણના પૂતળાનું દહન કરવામાં આવ્યું. જેની સાથે ૩૦-૩૦ ફટ ઊંચા મેઘનાથ અને કુમ્ભકર્ણના પૂતળાનું પણ દહન કરવામાં આવ્યું હતું પરંતુ, આજે દિવસ દરમિયાન વરસાદી ઝાપટા વરસતા તમામ ત્રણેય પૂતળામાં ભેજ લાગી જતા આખા પૂતળાનું દહન થઈ શક્યું ન હતું.દહન પૂર્વે લેસર શો અને આતશબાજી લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી અને રંગીલા રાજકોટના આકાશમાં રંગબેરંગી ફટાકડાઓની આતશબાજીથી નયનરમ્ય રંગોળી જોવા મળી હતી. દર વર્ષે દશેરાના પાવન પર્વ નિમિતે વર્ષોની પરંપરા મુજબ વિશ્વ હિન્દૂ પરિષદ, બજરંગદળ અને દુર્ગાવાહીની દ્વારા વિજ્યાદશમીની ખૂબ ભાવભેર ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. સતત ૨૯માં વર્ષે ૮ કલાકે અનેકવિધ કાર્યક્રમોની હારમાળ કરવામાં આવી હતી. આ વર્ષે રાવણના પૂતળા દહન સાથે શસ્ત્ર પૂજન, આતશબાજી અને નવીનતમ લેસર શોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# રાજકોટમાં રવિવારે બપોરથી રાત સુધીમાં પોણો ઈંચ વરસાદ

## ગઈકાલે બપોરે અંદાજે અડધી કલાક વરસી ગયા બાદ મોડી રાત સુધીમાં વિજળીના પ્રચંડ કડાકા-ભડાકા સાથે ઝરમર વરસ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્યના મોટાભાગના વિસ્તારોમાંથી ચોમાસાની વિદાય થઈ ચૂકી છે. અરબી સમુદ્રમાં બનેલી સિસ્ટમ્સના પગલે છેલ્લા ત્રણ - ચાર દિવસથી છુટાછવાયા વિસ્તારોમાં વરસાદ વરસી જાય છે. રાજકોટ શહેરમાં પણ ત્રણ દિવસથી મુકામ છે. હવામાન નિષ્ણાંતો દ્વારા આ સપ્તાહમાં પણ અમુક સ્થળોએ વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજકોટ શહેરમાં પણ છેલ્લા ત્રણ દિવસથી બપોર બાદ વરસાદ પડી રહ્યો છે. ગત શુક્રવારે નવમા નોરતે અને શનિવારે દશેરાએ પણ મોડી સાંજથી વરસાદ પડયો હતો. પ્રાચીન ગરબી અને દાંડીયા રાસના આયોજકોએ અમુક જગ્યાએ બંધ રાખ્યા હતા તો કેટલાક સ્થળોએ વરસતા વરસાદમાં પણ રાસ - ગરબાની રમઝટ જામી હતી. દરમિયાન ગઈકાલે રવિવારે પણ દિવસ દરમિયાન તડકો રહ્યા બાદ અંદાજે ચારેક વાગ્યાની આસપાસ એકાએક વરસાદ ચાલુ થઈ ગયો હતો. થોડીવાર તો વરસાદનું જોર એકદમ વધી ગયું હતું. રાજમાર્ગો ઉપર પાણી ફરી વળ્યા હતા. અંદાજે ચાલીસેક મિનિટ સુધી એકધારો વરસાદ ચાલુ હતો. ત્યારબાદ થંભી ગયો હતો. તો રાત્રીના ફરીથી શરૂ થયો હતો. આ વખતે મોડીરાત સુધી સતત



ઝરમર ચાલુ જોવા મળ્યો હતો. વિજળીના પ્રચંડ કડાકા - ભડાકા થતા હતા.

વરસાદનું એટલું જોર ન હતું પરંતુ છાંટા સતત ચાલુ હતા. કેટલીક જગ્યાએ ગરબાના આયોજનો થયા હતા તો વરસતા વરસાદમાં પણ ખેલૈયાઓએ રાસ ગરબાની રમઝટ બોલાવી હતી.

# માવઠાએ ખેડૂતોના મોઢામાં આવેલો કોળિયો છીનવ્યોઃ પાલભાઈ આંબલીયા

## છેલ્લા બે ચાર દીવસથી વરસતા વરસાદે ખેડૂતોના સપના રોળી નાખ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ખેડૂતોને માવઠાના માર પર કિસાન કોંગ્રેસ ચેરમેન પાલભાઈ આંબલિયાએ પ્રતિક્રિયા આપી છે, પાલભાઈના જણાવ્યા મુજબ છેલ્લા બે ચાર દીવસથી વરસતા વરસાદે ખેડૂતોના સપના રોળી નાખ્યા છે, માવઠા એ ખેડૂતોના મોઢામાં આવેલો કોળિયો છીનવ્યો છે અને ખેલૈયાઓના તો ખેલ બગડ્યા પણ ખેડૂતોની આખી વર્ષની મહેનત પર પાણી ફરી વળ્યું છે

આગોતરા - પાછોતર બન્ને વાવેતરને માવઠું નુકશાનકારક હોવાનું જણાવી પાલભાઈએ કહ્યું હતું કે આ માવઠાથી મગફળી, કપાસ વગેરે પાકોને ખૂબ મોટું નુકસાન થયું છે. અતિવૃષ્ટિમાં ૮૦% કપાસ નાશ પામ્યો બચ્યો હતો તેનો માવઠાએ સોથ વાળ્યો છે બીજીતરફ મગફળીના પાથરા, કપાસના ફૂલ જીંડવા પર માવઠાની મોટી અસર થશે

પહેલા અતિવૃષ્ટિ બાદમાં માવઠા એ ખેડૂતના ઘરમાં દિવાળીએ હોળી કરી હોવાનું જણાવી આંબલીયા વધુમાં કહે છે કે સરકાર પણ માત્ર જાહેરાતો અને ઠાલા વચનો જ આપે છે. ૧૮ થી ૨૪ જુલાઈમાં થયેલ અતિવૃષ્ટિ માટે ૩૫૦ કરોડની જાહેરાત પણ રાતી પાઈ મળી નહિ અને

૨૨ થી ૩૦ ઓગસ્ટ અતિવૃષ્ટિનું સર્વે કર્યું પણ સહાયની હજુ જાહેરાત કરાઈ નથી જમીન ધોવાણનું તો સર્વે પણ થયું નથી,જુલાઈ



અતિવૃષ્ટિના ફોર્મ ભરાવ્યાં પણ ફરજીયાત બિન પિયત પાકો માટે જ જો પિયત હોય અને તેનું ફોર્મ ભર્યું હોત તો ખેડૂતોને ૪૪૦૦૦ હજાર મળવાપાત્ર હતાફરજીયાત બિન પિયતના જ ફોર્મ ભરાવી ખેડૂતોને હવે માત્ર ૨૨૦૦૦ હજાર જ મળશે સરકારે ખેડૂતોને કાંઈ આપવું જ નહોય તો સર્વે ને સહાયની જાહેરાતો કરવાનું બંધ કરે.

# ગંદકી કરતા આસામી સામે દંડની કાર્યવાહી હાથ ધરાઈ

## કુલ ૧૪૮ આસામીઓ પાસેથી ૮.૩૬૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી રૂ. ૩૮૫૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૧૧ થી ૧૩એમ કુલ ૩ દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં તા. ૧૧ થી ૧૩એમ કુલ ૩ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૧૪૮ આસામીઓ પાસેથી ૮.૩૬૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૩૮૫૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત






પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૫૭ આસામીઓ પાસેથી ૨.૮૨ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૪૦૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૪ આસામીઓ પાસેથી ૨.૭૨૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૮૬૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૫૭ આસામીઓ પાસેથી ૨.૮૨ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૫૮૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

# નવરાત્રી બાદ મેઘરાજાના ગરબા, ૧૩૧ તાલુકામાં વરસાદ

## દસાડા-વિસાવદર- આહવામાં ૩, વઢવાણ-ભૂજ-તાલાલા-ગોંડલ- મહુવા- કુતિયાણા- લોધિકામાં પણ સટાસટી, ભરૂચ નજીક વિજળી પડવાથી ત્રણના મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાતમાં નવરાત્રી પુરી થવા છતા મેઘરાજા પીછો છોડતા નથી અને આજે સવારે ૬ વાગ્યે પુરા થતા ૨૪ કલાક દરમિયાન વધુ ૧૩૧ તાલુકામાં ભારે ઝાપટાથી માંડી ત્રણ ઈંચ વરસાદ નોંધાયો હતો. અમુક સ્થળે ભારે પવન સાથે વરસાદ ખાબકતા ખેતરોમાં પડેલા મગફળી સહીતના પાકના પાથરા તણાઈ ગયા હતા. તો ભરૂચના પાદરીયા ગામની સીમમાં વૃક્ષ ઉપર વીજળી પડતા નીચે ઉભેલા ત્રણ લોકોના મોત નિપજયા હતા. જયારે બે લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા.

છેલ્લા ૨૪ કલાકમાં સુરેન્દ્રનગરના દસાડા-જુનાગઢના વિસાવદર ઉપરાંત ડાંગ-આહવામાં ૩ ઈંચ, વઢવાણ-ભુજ-ઉમરપાડા-બોડેલી- વઘઈ- ડેડીયાપાડામાં અઢીથી પોણા ત્રણ ઈંચ, તાલાલા-ગોંડલ- જગડીયા- મહુવા-કુતિયાણા- લોધિકા- લખતર-જાંબુઘોડામાં બેથી સવા બે ઈંચ વરસાદ પડયો છે. ૨૪ કલાકમાં કુલ ૩૬ તાલુકામાં એક ઈંચથી વધુ અને ૧૫ તાલુકામાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

ગોંડલમાં સતત બીજે દિવસે ગાજવીજ સાથે દોઢ ઈંચ વરસાદ પડ્યો હતો.વરસાદ ને કારણે ઉમવાડા અંડરબ્રિજ તથા રાતાપુલ હેઠળ પાણી ભરાતા ટ્રાફિક ઠપ્પ થઈ જવા પામ્યો હતો.સહજાનંદ નગરમાં ખાલી પ્લોટ તથા નિલેશભાઈ આડતીયા નાં મકાન નાં ફળીયા માં વિજળી પડી હતી.જેને કારણે કોઈ જાનહાની નથી થઈ પણ સોસાયટીનાં મોટાભાગ નાં ઘરોમાં ફ્રીઝ, ટીવી.એસી. સહિત નાં ઉપકરણો બળી ગયા હતા.

પાંચીયાવદર, ખરેડા પટ્ટી માં ધોધમાર સાડા ત્રણ ઈંચ વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારો તથા ખેતરો માં પાણી ભરાયા હતા.છેલ્લા બે દીવસ નાં ભારે કમોસમી વરસાદ ને કારણે ખેડુતો એ વાવેલા પાકને ભારે નુકસાન પંહોચ્યુ છે.કીશાન અગ્રણી કનકસિંહ જાડેજાએ જણાવ્યુ કે વરસાદ ને કારણે મગફળી,કપાસ, તલી અને ડુંગળી નાં વાવેતર બળી જતા નિષ્ફળ ગયા હોય ખેડુત ને રડવાનો સમય આવ્યો છે.રાજ્ય સરકારે કમોસમી વરસાદ ને કારણે પાક બળી ગયા હોય ખેડુતો ને નુકશાની આવી હોય તુરંત વળતર આપવુ જોઈએ. ખેડુત લક્ષી માત્ર વાતો કરતી સરકારે પાક વિમા ની રકમ પણ હજુ ચુકવી નથી.ત્યાં વરસાદ ને કારણે ખેડુત પર નવો બોજ આવ્યો છે.તેમણે રાજ્ય સરકારની તિવ્ર આલોચના કરી છે.

ઉપલેટા તાલુકાના મોટી પાનેલી તેમજ આજુબાજુ ના ગામો માં સતત બીજે દિવસે પણ કમોસમી વરસાદ આવતા ખેડૂતો ની માઠી દશા બેઠી હોય એવી પોઝિશન ઉભી થયેલ છે ગઈકાલે એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો આજે પણ સાંજે સાત વાગે જોરદાર વીજળીના ગડગડાટ વચ્ચે વરસાદ આવી પડતા સતત દોઢ કલાક થી ચાલુ છે જે બે ઈંચ કરતા વધુ પડેલ છે. ખેડૂતો ના કપાસ મગફળી તુવેર સોયાબીન જેવા મોલ સાથે નીરણ પણ ફેલ ગયેલ હોય કામોસમી વરસાદે ખેડૂતોને રાતા



પાણીએ રડાવ્યા છે ખેડૂતોના મોઢે આવેલો કોરિયો છીનવાય ગયેલ છે જગતના તાત ની આવી કફોડી હાલત થી વિસ્તારમાં ખેડૂતો વિલે મોઢે નુકશાની સહન કરી રહ્યા છે આવી પરિસ્થિતિ માં ખેડૂતો કોને પોતાની માઠીદશા જણાવે?? એ પણ પ્રશ્ન ઉઠેલો છે. કોટડાસાંગાણીમાં એક ઈંચ


કોટડાસાંગાણી પંથક માં એકાએક બપોરના સમયે વાતાવરણમાં પલટો આવતા બપોરના ૪ વાગ્યે ના સમય માં વરસાદી માહોલ થયેલ એક કલાક માં એક ઈંચ જેવો વરસાદ વરસ્યો હતો અને છેલ્લા ૨૪ કલાક મા બે ઈંચ જેટલો વરસાદ પડેલ છે કમોસમી વરસાદ વરસ્યો ખેડૂતોને મુશ્કેલી મુકાયા મગફળી અને કપાસ સોયાબીન અને મરચાં ડુંગળી જેવા વાવેતર મા ભારે નુકસાની નો સામનો કરવો પડી રહ્યો છે.

# અમદાવાદની સાથી મિલન સંસ્થા દ્વારા સીનીયર સીટીઝન માટે સાપુતારાના પ્રવાસ નું આયોજન



છેલ્લા ઘણા વર્ષોથી સિનિયર સિટી જેનો માટે નિસ્વાર્થ ભાવે કોઈપણ જાતની ફી લીધા વગર લગ્ન બ્યુરો ચલાવતા અમદાવાદ સ્થિત સાથી મિલન સંસ્થાના ભારતીબેન રાવલ દ્વારા આગામી તારીખ ૧૭ થી ૨૦ દરમિયાન સીનીયર સીટીઝનો માટે રમણીય સ્થળ સાપુતારા તેમજ દમણના પ્રવાસ નું સુંદર આયોજન હાથ ધરાયું છે જે પ્રવાસને સુરત નિવાસી પ્રવીણભાઈ સુતરીયા દ્વારા સહયોગ સાપડ્યો છે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત વર્ષે ભારતીબેન રાવલ તેમજ પ્રવીણભાઈ સુતરીયા દ્વારા તદ્દન વ્યાજબી પેકેજમાં સીનીયર સીટીઝનોને દુબઈ અને અબુધાબી નો પ્રવાસ કરાવવામાં આવ્યો હતો તે જ રીતે ગત માસે પણ ૨૦ સિનિયર સિટીઝનો ને થાઈલેન્ડના પ્રવાસે લઈ જવામાં આવ્યા હતા આગામી તારીખ ૧૭ ના સાપુતારાના પ્રવાસ માટે ૫૦થી વધુ સીનીયર સીટીજનોએ પોતાના નામ નોંધાવ્યા છે આ પ્રવાસને સુંદર અને સફળ બનાવવા ભારતીબેન રાવલ અને પ્રવીણભાઈ સુતરીયા સાથે પ્રદીપભાઈ શુક્લ તેમજ કૈલાસબેન રાવલ જહેમત ઉઠાવી રહ્યા છે

# SBI OBC એમ્પ્લોઈડ વેલફેર એસો.ના ગુજરાતના પ્રમુખ પદે રાજેશ કચોટની વરણી



અમદાવાદ : અખીલ ભારતીય એસબીઆઈ (SBI OBC એમ્પ્લોઈડ વેલફેર એસોસિયેશન) અમદાવાદ સર્કલ ના પ્રમુખ પદે રાજેશભાઈ હરદાસભાઈ કચોટની સર્વાનુમતે નિમણૂક કરવામાં આવી છે. ત્યારે સમગ્ર જીઈ ઘઈઈ એમ્પ્લોઈડ વેલફેર મંડળ દ્વારા નવનિયુક્ત પ્રમુખ તરીકે રાજેશભાઈને આવકારવામાં આવ્યા હતા અને શુભેચ્છા પણ પાઠવવામાં આવી હતી.

# વિકાસ સપ્તાહ-૨૦૨૪ઃ ગોંડલમાં સંગ્રામસિંહજી હાઈસ્કૂલથી વિકાસ-પદયાત્રા યોજાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સુ-શાસનના ૨૩ વર્ષની ઉજવણીના ભાગરૂપે દેશભરમાં નવિકાસ સપ્તાહથ ઉજવાઈ રહ્યું છે, ત્યારે રાજકોટ જિલ્લામાં કલેક્ટર શ્રી પ્રભવ જોશીના માર્ગદર્શન મુજબ વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જે અંતર્ગત ગોંડલ શહેરમાં વિકાસ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.



જિલ્લા કક્ષાની આ વિકાસ પદયાત્રા ગોંડલ શહેરના સંગ્રામસિંહજી હાઈસ્કૂલથી શરૂ થઈ હતી અને સેન્ટ્રલ સિનેમા, ગુલમહોર રોડ, ભુવનેશ્વરી રોડ, શ્યામવાડીથી પેલેસ રોડ થઈ અને સંગ્રામસિંહજી હાઈસ્કુલ ખાતે પૂર્ણ થઈ હતી. આ વિકાસયાત્રામાં આઈ.ટી.આઈ., એમ.બી.કોલેજ, એન.સી.સી. શહેરની શાળા કોલેજના વિદ્યાર્થીઓ, પ્રબુદ્ધ નાગરિકો જોડાયા હતા. બેન્ડના સથવારે જિલ્લા કક્ષાની પદયાત્રા પૂર્ણ થઈ હતી.

ઉપરાંત ગોંડલ પ્રાંત અધિકારી રાહુલ ગમારા, નગરપાલિકાના પ્રમુખશ્રી તથા કારોબારી ચેરમેનશ્રી, મામલતદાર શ્રી ગોંડલ દીપક ભટ્ટ, ગોંડલ ગ્રામ્ય મામલતદાર રાહુલ ડોડીયા, તાલુકા વિકાસ અધિકારી મિલન ઉકાવાલા, ચીફ ઓફિસર વ્યાસ, ગોંડલ બી ડિવિઝન પોલીસ ઈન્સ્પેક્ટર ગોસાઈ, બ્લોક હેલ્થ ઓફિસર ગોયલ, જિલ્લા રમત અધિકારી રમાબેન મદ્રા તેમજ વિવિધ સરકારી કચેરીનો સ્ટાફ જોડાયો હતો.

# બાલભવનમાં યોજાયેલ નવરાત્રી મહોત્સવમાં બાળ રાજા નીલ સાંગાણીએ મેદાન માર્યું




શહેરના બાલભવન ખાતે નવ દિવસ યોજાયેલા નવરાત્રી મહોત્સવમાં પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ ત્રણમાં અભ્યાસ કરતા બાળ રાજા નીલ ધવલભાઈ સાંગાણીએ મેગા ફાઈનલમાં મેદાન મારી ગ્રીન ગ્રુપમાં બીજો નંબર મેળવ્યો હતો અભ્યાસ સાથે કલામાં પણ રુચિ ધરાવતો નીલ ડાન્સ માં પણ નિપુણ છે બાલભવન સંસ્થા દ્વારા રાજ્યના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા તથા બાલભવન સંસ્થાના ટ્રસ્ટી હેલી બેન ત્રિવેદીના હસ્તે નીલ ને લાખેણા ઈનામો અપાયા હતા નીલ ને મળેલી સફળતા બદલ પરિવારજનો, સગા સ્નેહીઓએ અભિનંદન પાઠવ્યા છે

# બોર્ડના પેપર ચેકિંગમાં છબરડો કરનાર ૪૪૮૮ શિક્ષકોને રૂા.૬૪ લાખનો દંડ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત બોર્ડની પરીક્ષામાં ઘણા શિક્ષકો કુલ માર્કસનો સરવાળો કરવામાં ભૂલ કરી હતી. ગણિતના એક શિક્ષકે ૩૦ માર્કસની મોટી ભૂલ કરી હતી જેના કારણે વિદ્યાર્થી ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં નાપાસ થયો હતો. જ્યારે વિદ્યાર્થીઓએ પુનઃમૂલ્યાંકન માટે અરજી કરી ત્યારે ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ-GSEBએ પરિણામની પુષ્ટિ કરી, ત્યારે એવું બહાર આવ્યું કે પેપર ચેક કારનારા ગણિતના શિક્ષકે કુલ માર્કસનો સરવાળો કરવામાં ભૂલ કરી હતી. ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ-GSEBએ ૪,૪૮૮ શિક્ષકોને ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષામાં માર્ક્સ આપવામાં ભૂલ કરવા બદલ દંડ ફટકાર્યો છે. GSEBના અધિકારીઓએ જણાવ્યું કે આ ભૂલોને



કારણે આ શિક્ષકોએ ૬૪ લાખ રૂપિયાનો દંડ ભરવો પડશે. બોર્ડના અધિકારીઓએ જણાવ્યું હતું કે ભૂલ કરનારા શિક્ષકોમાં ૧૦૦થી વધુ શિક્ષકો એવા છે જેમણે ૧૦ કે તેથી વધુ માર્કસની ભૂલો કરી હતી, અને આમાં મોટાભાગના ગણિતના શિક્ષકો હતા. GSEBના વાઈસ ચેરમેન દિનેશ પટેલે જણાવ્યું હતું કે, આ દંડ એ સુનિશ્ચિત કરવા માટે વસૂલવામાં આવે છે કે શિક્ષકો માર્કિંગ પ્રક્રિયામાં સતર્ક રહે. શિક્ષકોની આ ભૂલોએ વિદ્યાર્થીઓ માટે સમસ્યા ઊભી કરે છે, કારણ કે ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષાના પરિણામો પર આધારિત છે. ખાસ કરીને ગણિત અને વિજ્ઞાન જેવા હાઈ સ્કોર ધરાવતા વિષયોમાં હજારો વિદ્યાર્થીઓ તેમના ગુણ સુધારવાની આશામાં પેપરના પુનઃમૂલ્યાંકન માટે અરજી કરે છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રેલવે સ્ટેશન પાસે નજીવી બાબતે યુવાનની હત્યા

મુખ્ય સમાચાર,રાજકોટ

જંકશન રેલ્વે સ્ટેશન રોડ પર પાળી પર બેસવાની બાબતમાં ભંગારની ફેરી કરતા યુવાન સાથે બેસતા એક શખસે છરીના ઘા ઝીકી હત્યા કરી ફરાર થઈ ગયો હતો. દરમ્યાન પોલીસે હત્યારો નાસી છુટે તે પહેલા જ ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી હતી. જંકશન રેલ્વે સ્ટેશનની ફુટપાથ પર રહેતો અને ભંગારની ફેરી કરતો કરણ શીવજીભાઈ ઠાકોર (ઉ.૨૫) નામનો યુવાન બપોરના ફુટપાથની પાળી પર બેઠો હતો.ત્યારે ફુટપાથ પર જ રહેતો પ્રવિણ રમેશભાઈ દેવીપુજક નામનો શખસ આવ્યોહતો.અને બન્ને વચ્ચે ઝઘડો થયા બાદ પ્રવિણએ કરણ ઠાકોરને છરીના બે ધા ઝીકી ફરાર થઈ ગય હોતો. અને બનાવ અંગે પોલીસ સ્ટાફ તેમજ ૧૦૮ ના ઈએમટી સહિતના દોડી ગયા હતા. અને



ઘવાયેલા કરણ ઠાકોરને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયોહતો.જયાં સારવાર મળે તે પહેલા જ મૃત્યુ નિપજતા બનાવ હત્યામાં પલ્ટાયો હતો. આ બનાવના પગલે પોલીસે હત્યારા પ્રવિણ રમેશભાઈ દેવીપુજક નાસી છુટે તે પહેલા જ ઝડપી લીધોહતો.પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક કરણ અને હત્યારા પ્રવિણ વચ્ચે પાળી પર બેસવા બાબતે બોલાચાલી થયા બાદ મામલો હત્યા સુધી પહોચ્યો હતો. હત્યારા પ્રવિણ વિરૂધ્ધ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પૈસા માંગી ઝઘડો કરતા યુવાન સાથે થયેલી ઝપાઝપીમાં હત્યારાને પણ ઈજા



રાજકોટમાં જંકશન પ્લોટ રેલવે સ્ટેશન પાસે ફટપાથ ઉપર રહેતા કરણ શિવજીભાઈ ઠાકોર નામનો ૨૫ વર્ષનો યુવાન રેલ્વે સ્ટેશન નજીક આવેલ આશાપુરા હોટલ પાસે હતો ત્યારે બપોરના એકાદ વાગ્યાના અરસામાં પ્રવીણ રમેશ વાઘેલા નામના શખ્સે ઝઘડો કરી છરી વડે હુમલો કરી પડખા અને ગુપ્ત ભાગે બે ઘા ઝીંકી અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. જ્યારે સામે પક્ષે હુમલાખોર પ્રવીણ વાઘેલાને પણ ઝપાઝપીમાં ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટનાને પગલે પોલીસ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ અને ઘટના સ્થળે દોડી ગઈ હતી.દીધા હતા. હુમલામાં ગંભીર રીતે થવાયેલા કરણ ઠાકોરને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર કારગત નિવડે તે પૂર્વે યુવાને હોસ્પિટલના બિછાને દમ તોડી દીધો હતો. યુવકના મોતથી પરિવારમાં પ્રાથમિક પૂછપરછમાં મૃતક કરણ ઠાકોર, તેની પત્ની અંકિતા અને દોઢ વર્ષનો પુત્ર ત્રણેષ ફટપાથ ઉપર રહેતા હતા અને ભંગાર વીણી પરિવારનું ગુજરાન ચલાવતા હતા કરણ ઠાકોર અને હુમલાખોર પ્રવીણ વાઘેલા બંને ગંજેરી છે. મૃતક કરણ ઠાકોરે પ્રવીણ વાઘેલા પાસે રૂપિયા માંગી ઝઘડો કર્યો હતો. જેથી ઉશ્કેરાયેલા પ્રવીણ વાઘેલાએ છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પોલીસે યુવકના હત્યારાને સકંજામાં લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના યુવકનું જેતપુર પાસે અકસ્માતમાં મોત, મહિલા-પુત્ર સહિત ત્રણ ઘાયલ

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટના રૂખડીયા કોલોનીમાં રહેતી મહિલા પડોશમાં રહેતા યુવક સાથે ફરવા ગયા બાદ જેતપુર પાસે અક્સમાત નડ્યો હતો જેમાં યુવકનું મોત થયું જયારે મહિલા અને તેના પુત્ર સહિતને ઈજા થઇ હતી. ઈકો કારનો ચાલક અકસ્માત સર્જી ફરાર થઇ ગયો હતો.

રાજકોટના રૂખડીયા કોલોનીમાં રહેતા રેહાનાબેન અમીતભાઈ બેલીમ પરીચીત નવાબ મેહબુબભાઈ બુખારી સાથે જીજે૦૩-એન.એલ ૬૨૯૭ લઇ પુત્ર દીકરો ફેઝ (ઉ.વ.૦૪) અને નાની બહેન રીયા (ઉ.૫,૧૨) ધોરાજી વાલશાહ બાપુની દરગાહે દર્શન કરવા માટે ગયા હતા અને પરત આવતી વખતે જેતપુર પધારો હોટેલ પાસે પહોંચતા હાઈવે પર સામેની લેન પરથી સીવર કલરની ઈકો કારના નંબર જીજે ૦૩ કેએચ ૪૨૯૮ ના ચાલકે હડફેટે લેતા ત્રણેયને ઈજા થઇ હતી ઈકો ચાલક ત્રણેયને સારવાર માટે હોસ્પીટલે લઇ ગયો હતો. બાદમાં વધુ સારવાર માટે જુનાગઢ સરકારી હોસ્પીટલ ખાતે ખસેડાયા બાદ નવાબ મેહબુબભાઈ બુખારીનું મોત થયું હતું જયારે બહેન અને પુત્રને ગંભીર ઈજા થઇ હતી. આ બનાવ અંગે જેતપુર ઉધોગનગર પોલીસ મથકમાં ઈકો ચાલક સામે ફરિયાદ નોંધાઈ છે. ઈજાગ્રસ્ત યુવતિએ ફરિયાદમાં જણાવ્યું કે તે રાજકોટમાં સ્પામાં ટેલીકોલર તરીકે નોકરી કરે છે. અને પરિવાર સાથે રૂખડિયા કોલોનીમાં રહેતી હોય તેના પરિચિત નવા મહેબુબ બુખારીએ તેને ધોરાજી દરગાહે દર્શન કરવા જવાની વાત કરી હતી.




આથી તે પોતાના પુત્ર અને નાની બહેન સાથે નવાબ સાથે ત્રિપલ સવારી મોટર સાયકલમાં બેસીને ધોરાજી ગઈ હતી. અને ત્યાંથી પરત આવતી વખતે આ બનાવ બન્યો હતો. આ ઘટનાથી મૃતકના પરિવારમાં શોક વ્યાપી ગયો છે. અકસ્માતમાં ઘવાયેલ મહિલાના પુત્ર અને નાની બહેનની હાલત પણ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

# નશાયુક્ત સીરપ કાંડમાં આરોપીને જામીન મુક્ત કરતી હાઈકોર્ટ

## વંથલી ગામની સીમના ગોડાઉનમાં પોલીસે દરોડો પાડી ઝડપેલાં નશીલા પદાર્થમાં નામ ખુલતા ધરપકડ થઈ તી

મુખ્ય સમાચાર,રાજકોટ

વંથલી ગામની વાલીયા વિસ્તારની સીમમાં આવેલ બગીચાના ગોડાઉનમાં પોલીસે દરોડો પાડી આયુર્વેદિક હર્બલ સીરપનો જથ્થો ઝડપાયેલા ગુનામાં જેલ હવાલે રહેલા રાજકોટના મેહુલ અરવિંદ જસાણીને હાઈકોર્ટે જીન ઉપર છોડી મૂકવા હુકમ કર્યો છે.

વધુ વિગત મુજબ જુનાગઢ જિલ્લામાં નશીલા પદાર્થના કાળા કારોબારને કડક હાથે ડામી દેવા એસપીએ આપેલી સૂચનાને પગલે વંથલી પોલીસ મથકના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યો હતો ત્યારે વંથલી નો આસિક મોહમ્મદ અમરેલી નામના શખ્સે વાલીયા વિસ્તારમાં આવેલી આવેલા બગીચાના ગોડાઉનમાં આયુર્વેદિક હર્બલ સીરપનો જથ્થો છુપાવ્યો હોવાની મળેલી ભાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી રૂપિયા ૧૯.૩૭ લાખની કિંમતનો ૧૯,૩૭૫



એડવોકેટ

બોટલ સીરપની આયુર્વેદિક દવાની બોટલો મળી આવતા રૂપિયા ૧૯.૩૭ લાખનો મુદ્દામાલ ઝડપાયેલા આસીક અમરેલીયાની ધરપકડ કરી હતી .પૂછપરછમાં ફિરોજ અશરફ ચૌહાણ મંગાવ્યો હોવાનું તેમજ મેહુલ અરવિંદ જસાણી ધર્મેન્દ્ર નટવર ડોડીયા રૂપેશ નટવર ડોડીયા અને લખતી કાળુભા જાડેજા ની દ્વારા આયુર્વેદિક બોટલોમાં આલ્કોહોલનું પ્રમાણ ઉમેરી તેમજ કંપનીના ખોટા નામનો લેભલ લગાડી વેચાણ કરતા હોવાની સંડોવણી ખુલતા તેના વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. તપાસ પૂર્ણ થતા રાજકોટનો મેહુલ અરવિંદ જસાણી નામના શખ્સને જેલ વાલે કરવામાં આવ્યો હતો બાદ જેલવાલે રહેલા મેહુલ જસાણીએ ની સેશન્સ દ્વારા રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરતા જે હુકમથી નારાજ થઈ હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી તે જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવાને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને હાઈકોર્ટે મેહુલ જસાણીને જમીન ઉપર છોડી મૂકવા હુકમ કર્યો છે. આ કેસમાં બચાવ પક્ષે હાઈકોર્ટના સિનિયર વકીલ પંથીલભાઈ મજમુદાર, ગોંડલના વિજયરાજસિંહ જાડેજા અને એચ કે ચનીયારા રોકાયા હતા.

# ઉપલેટામાં ગળામાં સાપ લટકાવી ફરતા શખ્સને સાપ કરડતા મોત

મુખ્ય સમાચાર,રાજકોટ



રાજકોટ જિલ્લાના ઉપલેટાના કોલકી ગામમાં પ્રકાશ કનેરિયા નામની વ્યક્તિ વાયરલ વીડિયોમાં ગળામાં સાપ લપેટીને ફરતો જોવા મળી રહ્યો છે. આ યુવકનું મોત થવાનું કારણ શું છે તે તપાસમાં જાણવા મળી શકે છે, કારણ કે તેનું મોત સાપના કરડવાથી થયું છે કે કેમ તે અંગેની સ્પષ્ટતા થઈ નથી.

સામાન્ય રીતે સાપ ઝેરી હોય કે ન હોય તેને જોઈને જ લોકો તેનાથી આમથી તેમ દોડાદોડી કરી મૂકતા હોય છે. પરંતુ ઉપલેટાથી મળી રહેલી વિગતો એવી છે કે પ્રકાશને સાપ પકડવાનો અનુભવ નહોતો છતાં તેણે સાપ પકડીને ગળામાં લટકાવ્યો હતો.

પોતાના ગળામાં સાપ રાખીને ફરતા પ્રકાશે વીડિયોમાં કોઈ દુકાનની બહાર ઉભેલો જોવા મળી રહ્યો છે. જેમાં યુવક ખભા પર રાખેલા સાપનું મોઢું એક હાથથી પકડીને કોઈની સાથે વાત કરતો પણ નજરે પડી રહ્યો છે. સાપને પકડવાનો અનુભવ નહોતો છતાં યુવકે જે સાહસ કર્યું તેનું પરિણામ જોવા મળી રહ્યું છે. આવામાં યુવક સાથે બનેલી : ઘટના વિશે જાણીને લોકોને આશ્ચર્ય થઈ રહ્યું છે.

# કાગદડીના પાટીયા પાસે અજાણ્યા વાહનની ઠોકરે યુવાનનું મોત





મવડીના બાપા સીતારામ ચોકમાં આવેલ ગુંજન ટાઉનશીપમાં રહેતા ભરતભાઈ ધનજીભાઈ રામાણીએ કુવાડવા રોડ પોલીસમાં અજાણ્યા વાહન ચાલક સામે ફરીયાદ નોંધાવી છે. જેમાં તેઓ ઘરે હતા ત્યારે તેના મોબાઈલ નંબર પર અજાણ્યાનો ફોન આવ્યો અને કહ્યું કે તમારાભાઈનું કાગદળીના પાટીયા પાસે અકસ્માત થયેલ છે. તમે અહીં આવો તેમ વાત કરેલ જેથી તેઓ તેના અદાના દિકરા સાથે કાગદડીના પાટીયા પાસે ગયા ત્યારે તેના ભાઈનું બાઈક રોડની સાઈડમાં હતું અને ભાઈના શરીરના ટુકડા વિવિધ જગ્યાએ પડયા હતા. તેઓના ભાઈ મોરબી તરફથી તેનું બાઈક લઈ આવતા હતા. ત્યારે અજાણ્યા વાહન ચાલકે પુર ઝડપે પોતાનું વાહન હકારી કાગદડીના પાટીયા પાસે હડફેટે લેતા તેનું ઘટના સ્થળે મોત નિપજયું હતું. બનાવ અંગે લોકોના ટોળા ઉમટયા હતા. અને પોલીસે મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડી મૃતકના ભાઈની ફરીયાદ પરથી અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

# બિમારીથી કંટાળી ઝેરી દવા પી લેનાર સોની વેપારીનું સારવારમાં મોત

રાજકોટમાં ૧૫૦ ફટ રીંગ રોડ ઉપર આફ્રિકા કોલોનીમાં રહેતા અને સોની બજારમાં કેતન જવેલર્સ નામે દુકાન ધરાવતા વેપારી વૃદ્ધે બીમારીથી કંટાળી પોતાની જ દુકાનમાં ઝેરી દવા પી જીવન ટૂંકાવી લેતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં ૧૫૦ ફટ રીંગ રોડ ઉપર સદગુરુ વંદનધામ આફ્રિકા કોલોની શેરી નંબર ૪ માં રહેતા રમેશચંદ્ર પ્રેમચંદ્ર લાઠીગરા નામના ૭૩ વર્ષના વૃદ્ધ સોની બજારમાં આવેલ પોતાની કેતન જવેલર્સ નામની દુકાનમાં હતા ત્યારે ઝેરી દવા પી લીધી હતી વેપારી વૃદ્ધને ઝેરી અસર કરતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જયા વૃદ્ધનું સારવાર દરમિયાન મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક પૂછપરછમાં મૃતક રમેશચંદ્ર લાઠીગરાએ માનસિક બીમારીથી કંટાળી પોતાની દુકાનમાં સોની કામમાં વાપરવામાં આવતું કેમિકલ પી જીવન ટૂંકાવી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે એ ડિવિઝન પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# એરપોર્ટ રોડ પર ઈન્કટેક્સ સોસાયટીના બંધ મકાનમાંથી રૂા.૨.૪૮ લાખની મતાની ચોરી

## યાત્રાએ ગયેલા પરિવારના ઘરમાં તસ્કરો ત્રાટક્યા

રાજકોટમાં તસ્કરો બેફામ બન્યા હોય તેમ અવાર નવાર ચોરીની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે વધુ એક ઘટનામાં એરપોર્ટ મેઈન રોડ ઉપર દિવ્યસિદ્ધિ પાર્કની બાજુમાં આવેલ ઈન્કમટેક્સ સોસાયટીમાં રહેતો પરિવાર યાત્રાએ ગયા બાદ બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી રૂ. ૨,૪૮,૫૦૦ ની માલમતાની ચોરી થયાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં એરપોર્ટ ઉપર દિવ્યસિદ્ધિ પાર્કની બાજુમાં આવેલ ઈન્કમટેક્સ સોસાયટીમાં રહેતા શિવદાસભાઈ પીતાંબરભાઈ મેનન નામના ૫૮ વર્ષના આધેડે ગાંધીગ્રામ પોલીસ મથકમાં પોતાના ઘરમાં ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાવી છે. શિવદાસભાઈ મેનને ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓ પોતાના પરિવાર સાથે ગત તા.૧૧ ના રોજ દ્વારકા દર્શનને ગયા હતા અને ત્યાંથી સોમનાથ દર્શન કરી ગઈકાલે સાંજના છએક વાગ્યાના અરસામાં પરત ફર્યા હતા. ત્યારે મકાનના મુખ્ય દરવાજાનો લોક તૂટેલો જોવા મળ્યો હતો. તેનો સેન્ટ્રલ લોક ખુલ્લો હતો અને મકાનમાં પ્રવેશ કરતા મકાનમાં રહેલ સરસામાન વેર વિખેર પડ્યો હતો અને મકાનમાં રાખેલા સોના ચાંદીના દાગીના અને અન્ય ચીજ વસ્તુઓ મળી રૂ.૨,૦૮,૫૦૦ નો મુદ્દામાલ તથા રૂ.૪૦ હજારની રોકડ મળી રૂ.૨,૪૮,૫૦૦ ની માલમતાની ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાવી છે. અને ફરિયાદના આધારે ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ કે.જે. કરપડા સહિતના સ્ટાફે તસ્કરોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# બે વર્ષની માસૂમ પ્રિયાંસી ફુવારાના પાણીમાં ડૂબી જતાં મોતઃ અરેરાટી



મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટમાં અવધ રોડ પર નિર્વાણા ટાવર સોસાયટીમાં કરૂણ બનાવ બનવા પામ્યો છે. સિક્યુરિટીનું કામ કરતાં નેપાળી પરિવારની બે વર્ષની માસૂમ બાળકી પ્રિયાંસી ફુવારાના ત્રણ ફૂટ ઊંડા પાણી ભરેલ ખાડામાં ડૂબી જતાં કમકમાટીભર્યું મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં યુનિવર્સિટી પોલીસ દોડી ગઈ હતી. પ્રાપ્ત વિગત અનુસાર, રાજકોટમાં અવધ રોડ પર નિર્વાણા ટાવર સોસાયટીમાં રહેતાં શેરસિંહ બુહા સોસાયટીમાં સિક્યુરિટીનું કામ કરે છે. જ્યારે તેના પત્ની ઘરકામ કરે છે. તેમને સંતાનમાં એક બે વર્ષની પુત્રી પ્રીયાંસી હતી. ગઈકાલે સાંજના સમયે તેઓ તેમના પત્ની સાથે બેઝમેન્ટ પાર્કિંગમાં સફાઈ કામ માટે પુત્રીને રૂમ પાસે મૂકીને ગયાં હતાં.

દરમિયાન તેમની પુત્રી રમતાં રમતાં સોસાયટીમાં આવેલ પાણીના ફુવાર પાસે પહોંચી હતી અને બાદમાં તે ફુવારાના ત્રણ ફૂટ ઊંડા ખાડામાં રમતાં રમતાં ખાબકી હતી. પાણી ભરેલા ખાડામાં પટકાયા બાદ બાળકી પાણીમાં ગરકાવ થતાં બેભાન થઈ ગઈ હતી. બાદમાં કામ પુરુ કરી રૂમ પર આવેલ નેપાળી દંપતીએ પોતાની પુત્રીને ન જોતા તેની શોધખોળ હાથ ધરી હતી અને ફુવારાના ખાડામાંથી બેભાન હાલતમાં મળતાં તેને સારવાર અર્થે અત્રેની ઝનાના હોસ્પિટલમાં ખસેડાઈ હતી. પરંતુ સારવાર મળે તે પહેલાં જ બાળકીએ દમ તોડ્યો હતો.

બનાવ અંગે જાણ થતાં યુનિ. પોલીસ મથકના એએસઆઈ હાર્દિક રવીયા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડયો હતો. એકની એક પુત્રીના મોતથી નેપાળી પરીવારમાં શોક છવાયો હતો.

# કોટેચા ચોક પાસે કાર ડિટેઈન કરતા ચાલકે ટ્રાફિક પોલીસને પાટું માર્યાનો વિડિયો વાયરલ

મુખ્ય સમાચાર,રાજકોટ

શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ હાલ કથડીને ખાડે ગઈ હોય તેમ ગુનાખોરીનો ગ્રાફ દિવસેને દિવસે ઉંચો જઈ રહ્યો છે ત્યારે શહેરના કોટેચા ચોક નજીક રોડ પર પાર્ક કરેલ કારને ટ્રાફિક પોલીસે ટોંઈગ કરતા કાર ચાલક યુવક-યુવતિએ ટ્રાફિક પોલીસ અધિકારીને જાહેર રોડ પર ગાળો આપી યુવકે ટ્રાફિક પોલીસને પાટું મારીયું હોવાનો વિડિયો વાયરલ થતા ગાંધીગ્રામ પોલીસે યુવક-યુવતી સામે ફરજ રૂકાવટનો ગુનોં નોંધી વધુ તપાસ પીએસઆઈ એસ. બી.જાડેજાએ હાથ ધરી છે.







કોટેચા ચોકમાં સવારે મંત્ર અભીષેક ટેનામેન્ટ મવડીમાં રહેતા અભીષેક નટવરલાલ જાટકીયા અને દીક્ષા નટવરલાલ જાટકીયા નામના યુવક-યુવતીએ જાહેર રોડ પર ઋઙ ૦૩ ઈઅ ૪૯૬૯ નંબરની પોતાની કાર પાર્કીંગ કરી જતા રહ્યા બાદ ટ્રાફિક પોલીસમાં ફરજ બજાવતા એલ.આર.સુસરાએ જાહેર રોડ પર પડેલ કારને લોક કરી રૂટીંગ કામગીરી માટે નીકળ્યા બાદ કાર ચાલકનો ફોન આવતા જેથી લોક કરેલ કારનો દંડ વસુલવા જતા કારમાં સવાર અભીષેક અને દીક્ષાએ જાહેર રોડ પર બઘડાટી બોલાવી હતી.અને ફરજ પરના ટ્રાફિક પોલીસ એલ.આર.સુસરાને પાટું મારી ગાળા-ગાળી કરી હતી. બનાવ અંગે લોકોના ટોળા ઉમટયા હતા. ટ્રાફિક પોલીસે રોડ પર પાર્ક કરેલ દંડ ભરવાનું કહેતા યુવક-યુવતીએ ધમાલ મચાવી હતી.

ફરજ પરના ટ્રાફિક પોલીસને સસ્પેન્ડ કરાવી દઈશ ડીએસપી મારા ઓળખીતા છે તેમ લીધેલા રૂ.૧ હજાર પાછા આપી દયો કાર મારા પપ્પા આવીને લઈ જશે તેવી ધમકી આપી હોવાનો વિડિયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતા ગાંધીગ્રામ પોલીસે એલ.આર.સુસરાની ફરીયાદ પરથી અભિષેક અને દીક્ષા સામે ફરજ રૂકાવટનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ એસ.બી.જાડેજાએ હાથ ધરી છે.

# ગુજરાતમાંથી ૪૫.૫ ટન નકલી ઘી ઝડપાયું

મુખ્ય સમાચાર,રાજકોટ

નાગરિકોને જીવન જરૂરી ખાદ્ય ચીજ વસ્તુઓ શુદ્ધ, સલામત અને ગુણવત્તા યુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટિબદ્ધ છે. ત્યારે આગામી તહેવારો ને ધ્યાને રાખી ને ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યવ્યાપી દરોડાઃરૂ. ૪.૫ કરોડ થી વધુનો શંકાસ્પદ ખાદ્ય ચીજનો જથ્થો જપ્ત કરાયો છે. મહેસાણા અને પાટણ ખાતે થી રૂ. ૧.૩૯ કરોડનું ૪૫.૫ ટનનું શંકાસ્પદ ઘી પકડી પાડ્યું છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, રાજ્યના નાગરિકોને જીવન જરૂરી ખાદ્ય ચીજ વસ્તુઓ શુદ્ધ, સલામત અને ગુણવત્તા યુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટિબદ્ધ છે. મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ આગામી દિવાળી ના તહેવારો માં જાહેર જનતા ને શુદ્ધ અને સલામત ખાદ્ય ચીજ મળી રહે તેના પૂર્વ તૈયારી ના ભાગરૂપે ફૂડ સેફટી પખવાડિયું ઉજવવામાં આવી રહ્યું છે જેના ભાગ રૂપે રાજ્યવ્યાપી દરોડાઃરૂ. ૪.૫ કરોડ થી વધુનો શંકાસ્પદ ખાદ્ય ચીજનો જથ્થો જપ્ત કરાયો છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખાદ્ય ચીજ ના ધંધા સાથે સંકળાયેલા ઉત્પાદકો, રીટેલર તથા કોલ્ડ સ્ટોરેજ વેગેરે જગ્યાએથી ફૂડ સેફટી પખવાડિયામાં અત્યાર સુધી કૂલ ૧૭૫૫ એન્ફોર્સમેન્ટ નમુના અને ૩૭૩૧ સર્વેલન્સ નમુના એમ કૂલ ૫૪૮૬ નમુનાઓ લેવામાં આવ્યા જયારે ૨૪૨૩ ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવ્યા છે. આ ફૂડ સેફટી પખવાડિયા દરમ્યાન અલગ-અલગ જગ્યાઓ પર ફૂડ સેફટી ઓન વ્હીલ્સ દ્વારા નવરાત્રી દરમ્યાન ૫૬ લાખ થી નાગરિકો માટે ૬૪૦ થી વધુ જાગૃતિ માટે ના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા. તેમણે ઉમેર્યુ કે, મહેસાણા અને પાટણ ખાતે થી રૂ. ૧.૩૯ કરોડ નું ૪૫.૫ ટન શંકાસ્પદ ઘીનો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રને મળેલ ખાનગી બાતમી ના આધારે મે. હરિઓમ પ્રોડક્ટ્સ, ૨૮, ૨૯, ૩૦, રાજરત્ન




એસ્ટેટ, મુ.પો. બુડાસણ, તા. કડી, જી. મહેસાણા ખાતેથી શંકાસ્પદ રીતે ઘીમાં ભેળસેળ કરવામાં આવે છે તેના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો.મે. જય અંબે સ્પાઈસીસ પેઢી પાસે ઋજ્જજઅઈ નું લાઈસન્સ ધરાવતા ન હતા. સ્થળ ઉપર તપાસ દરમ્યાન તંત્ર ની ટીમ ને ફોરેન ફેટ, પામોલીન તેલ અને ઘી પણ મળી આવેલ જેનાથી પ્રાથમિક દ્રષ્ટી એ ઘી માં ભેળસેળ કરતા હોવાનું જણાઈ આવ્યું હતું,આથી સ્થળ પરથી હાજર જવાબદાર વ્યક્તિ રામુ ડાકુરામ ડાંગી ની હાજરી માં કૂલ ૬ નમુના લેવામાં આવ્યા હતા, જયારે બાકીનો કૂલ રૂ. ૧.૨૫ કરોડનો ૪૩,૧૦૦ કિગ્રા નો જથ્થો કે જપ્ત કરવામાં આવ્યો છે.આ ઉપરાંત પાટણ સિટીમાં ત્રણ દરવાજા પાસે આવેલ નીતીનકુમાર ભાઈલાલ ઘીવાલા ની પેઢી માંથી શંકાસ્પદ ઘી ની ઉત્પાદન કરતા હોવાનું જાણવા મળતા તંત્ર દ્વારા સ્થળ પર તપાસ કરતા લેબલ વગર નો ઘી નો જથ્થો મળી આવ્યો હતો.

# અમદાવાદની યુવતિ રાજકોટમાં એમ.ડી.નો જથ્થો વેચે તે પહેલા પોલીસે દબોચી લીધી

## બામણબોર પાસેથી બ્યુટીપાર્લર સંચાલિકાની ૫૮.૯૫ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે ધરપકડ કરીઃમાદક પદાર્થનો જથ્થો, બે મોબાઈલ ફોન, વજન કાંટો પાનકાર્ડ અને રોકડ રકમ મળી ૬.૧૦ લાખનો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યો

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટમાં અમદાવાદમાંથી માદક પદાર્થ મેફેડ્રોન (એમ.ડી.) ના જથ્થા સાથે એક યુવતી આવતી હોવાની બાતમીના આધારે રાજકોટ જ્વ્રઋટીમ બામણબોર પાસે વોચમાં હતી. આ દરમિયાન અમદાવાદમાં બ્યુટી પાર્લર ચલાવતી ૨૭ વર્ષિય શ્વેતા શાંતિલાલ ઠક્કરને રાજકોટ શહેર એસ.ઓ.જી ટીમે બામણબોર નજીકથી ઝડપી પાડી હતી અને તેની પાસેથી રૂ. ૫.૮૯ લાખનો ૫૮.૯૫ ગ્રામ ડ્રગ્સનો જથ્થો કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર બજેશ કુમાર ઝા તરફથી મળેલ સૂચના આધારે રાજકોટ શહેર વિસ્તારમાં યુવાધન નશાના રવાડે ના ચડે તથા નાર્કોટીક્સ પદાર્થોનું વેચાણ અટકાવવા જ્અઢ ગઘ ઝઘ ઉછ્બ્રઋજ- મિશન અંતર્ગત નાર્કોટીક્સ પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા શખ્સો વિરુધ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના આપેલ હોય જેથી જ્વ્રઋપી.આઈ. એસ.એમ.જાડેજા માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. ટીમ રાજકોટ- અમદાવાદ હાઈવે પર બામણબોર ગામમા જવાના જુના રસ્તા પાસે વોચમાં હતી ત્યાર એક યુવતી શંકાસ્પદ હાલતમાં પસાર થતા જોવા મળી હતી.જેથી પોલીસ તેને રોકી તપાસ કરતા તેની પાસેથી ૫૮.૯૫ ગ્રામ ડ્રગ્સ જેની કિંમત રૂપિયા ૫,૮૯,૫૦૦, ૨ મોબાઈલ, નાનો વજન કાંટો, રોકડા રૂપિયા સહિતના ૬.૧૦ લાખના મુદામાલ સાથે ઝડપી એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે. તો અંગે તજ્ઞલ પી.આઈ.



એસ.એમ.જાડેજાએ જણાવ્યું હતું કે, ડ્રગ્સ સાથે ઝડપાયેલાં યુવતી શ્વેતા શાંતીલાલ ઠક્કર ( ઉ.વ.-૨૭, વેપાર બ્યુટીપાર્લર રહે.વટવા, સતેજ હોમ્સ બ્લોક નંબર-સી/૧૮, કિંજલ હાઈટસની બાજુમાં અમદાવાદ) રહે છે. જોકે તે રાજકોટમાં ડ્રગ્સ આપે તે પહેલા ઝડપી લીધી હતી. અગાઉ કેટલીવાર ડ્રગ્સ આપી ગઈ છે અને ડ્રગ્સનો જથ્થો ક્યાંથી આવતો તે અંગે પણ તપાસ શરૂ કરવામાં આવી છે.